# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષઃ ૨૩ અંકઃ ૧૧ ફેબ્રુઆરી-એપ્રિલ ૨૦૧૩ પોષ-ચૈત્ર ૨૦૬૮ સળંગ અંકઃ ૨૪૦

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય

## સંપાદકીય

### સોશ્યલ નેટવર્કિંગના લાભ

આજકાલ સોશ્યલ નેટવર્કિંગની દુનિયામાં નામી અનામી પ્રખ્યાત વ્યકિત દ્વારા કહેવામાં આવેલી વાતો, કહેવતો અને જીવન ઉપયોગી વાકયો, મિત્રો સાથે આપ-લે કરવાનું ચલણ ખુબ જ પ્રચલીત બન્યુ છે. સોશ્યલ નેટવર્કિંગ ના ઘણા લાભાલાભમાંથી એક ચોખ્ખો લાભ મિત્રો દ્વારા શુભ સવારની સાથે આવતા આવા ટૂંકા અને ટચ શુભ સંદેશ છે. ઘણી વખત કલાકો સુધી પ્રયાસ કરવામાં આવે છતાં ન સમજાય તેવી ફુલસુફી, ઉપદેશ, ભાષણ, કથા કે વાર્તા, આવા નાના પરંતુ સચોટ સુવાકયો દ્વારા સરળતાથી સમજાઇ જાય છે. આવા ઘણા સુવાકયો તો એટલા ધારદાર હોય છે કે આપણા મગજને ઢંઢોળી, હ્રદયમાં સોસરા ઉતરી જતા હોય છે. તો ચાલો કેળવણીના સંચાલનમાં ઉપયોગી આવા રાઈના દાણા જેવા પરંતુ પર્વત કરતા પણ ઉંચી શીખ આપતા સુવાકયો જોઈએ. આપણા લાડીલા સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા કે ‘‘મફત ચીજ મળે એની કિંમત ઓછી થઈ જાય છે. પરિશ્રમથી મેળવેલી વસ્તુની કિંમત બરાબર અંકાય છે. આપણું ધ્યેય શુધ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાનો આપણે હંમેશ પ્રયત્ન કરવો જોઈએ’’ કહેવાય છે કે સંચાલન એ આમ જોઈતો સામાન્ય કોઠા સૂઝનો વિષય છે., પરંતુ ફ્રેંચ ફિલોસોફર વોલ્તર કહે છે કે "Common Sense is most uncommon of all and human kind has remained perplexed ever." સંચાલનના પિતામહ Peter Druckes કહે છે કે, Teaching is the only major occupation of man which we have not yet developed tools that make an average person capable of competence and performance. In teaching we rely on the 'naturals'the ones who somehow know how to teach. અમેરીકન સંગીતકાર Jimi Hendrix કહે છે કે, "Knowledge speaks but wisdom listens." વિશ્વ વિખ્યાત ગ્રીક ફિલોસોફર Socrates કહે છે કે, "The only true wisdom is, Knowing you know noting." યુવાનોના પ્રેરણા સ્રોત સ્વામી વિવેકાનંદ કહે છે કે, "Better the scolding of the wise than the adulation of the fools." ભારતના ગૌરવ Noble Laureate રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, "Faith is the bird that feels the light and sings when the dawn is still dark." Founding father of Psychoanalysis Sigmund Freaud કહે છે કે, "The interpretation of dream is the royal road to knowledge of the unconscious activities of mind." મોટરકાર ઉધોગના પિતામહ Henry Ford કહે છે કે, "Ä set back is the Opportunity to begin again more intelligently. Irish playwright and co-founder of the London School of Economics - George Bernard Shaw ચેતવણી આપે છે કે, "Beware of false knowledge, it is more dangerous than ignorance." American Psychologist Abraham Maslow સર્વ સામાન્ય હકિકતને સચોટ રીતે જણાવતા કહે છે કે, "When the only tool you own is a hammer every problem begins to resemble a nails." આખા જગતને પોતાના પ્રવચનથી પ્રભાવિત કરનાર Martin Luther King કહે છે કે, "Nothing in the world is more dangerous than sincere ignorance and conscientious Stupidity." અંગ્રેજી લેખક Aldous Huxley કહે છે કે, "Experience is not what happens to man. It is what a man does with, when happens to him." અંગ્રેજી કવિ Alexandes Pope વિચારવા માટે મજબુર કરતુ વાકય કહે છે કે, "Amusement is the happiness of those who cannot think". Chinese teacher, editor, politician and Philosopher confucius જણાવે છે કે, "The superior man makes difficulty to be overcome his first interest; success only comes later". રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ પોતાના વિચારો આવા સચોટ અવતરણો દ્વારા આપવા માટે ખુબ જ લોકપ્રિય રહયા હતા. તેઓ કહેતા કે "Happiness is when what you think, what you say and what you do are in harmony".

આવી ટૂંકી કહેવતો, સુવાકયો, સુવિચાર, અવતરણોના સંપાદન રૂપે અનેક પુસ્તકો પણ બજારમાં ઉપલબ્ધ હોય છે. પરંતુ અનાયાસે ભટકાયેલા અને કાને અથડાયેલા આવા શબ્દરૂપી સુવિચાર ઘણી વખત તીવ્ર ગતિથી આપણી વિમાનથી પણ ઝડપી દુનિયાને પ્રેરીત કરવા સક્ષમ હોય છે. આવાજ, આચાર, વિચાર અને મનોમંથન સાથે મને પણ કંઈક મનમા સર્જનાત્મક શકિતનો સંચાર થયો હોય એવો અહેસાસ થાય છે, જેના ભાગ રૂપે નીચેની પંકિતઓ મારા માનસ પટ પર ડોકિયું કરે છે, આશા છે કે તમે ધ્યાનથી વિચારશો.

जंग छिड़ी है जहानों मे
बिना ज़ज़्बातो के ज़िंदगी बितानी है ।
जो मेरा है वो तेरा नहीं है और जो तेरा है वही मेरा है
कोशिश से पहले पाना है और पाने से पहले गँवाना है
समंदर को नदियों में समाना है और नदियों को पर्वतों पे चढ़ना है
जंग छिड़ी है जहानों में
बिना ज़ज्बातो के ज़िंदगी बितानी है ।

- રાજુ રાઠોડ

## Teaching - Learning

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૫ અને ૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ યુજીસી અનુદાનીત બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર "The New 'Mantra' of Higher Education : Think and Let think" વિષય પર યોજવામાં આવ્યો.

બે દિવસીય સેમિનારમાં મનોવૈજ્ઞાનિક ડૉ. મુકેશ દલાલ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુજીસી એકેડેમીક સ્ટાફ કોલેજના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ સર્વેને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હતો.

ઓપન ફોરમ ડિસ્કશનમાં ગાંધીનગર ચિલ્ડ્રન યુનિવર્સિટીના ડાયરેક્ટર ડૉ. એમ.એ. ચોટલિયાએ ઉપસ્થિત રહી સર્વેને Thinking in Action વિષય પર વિચારણા કેમ કરવી ? તથા એને ક્રિયામાં કઈ રીતે મૂકવી તેની ચર્ચા કરી.

સેમિનારમાં ચેર પર્સન તરીકે એન.એચ. બી.એડ કોલેજના આચાર્ય ડૉ. ડી.યુ. પટેલ, પેટલાદ એસ.આઈ. ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્ય ડૉ. અનિલભાઈ કાછીયા, બીસીજે કોલેજ ઓફ એજ્યુકેશન, ખંભાતના આચાર્ય ડૉ. આર.ડી. પંડ્યા, મોગરી શ્રી આઈ.જે. પટેલ બી.એડ કોલેજના આચાર્યા ડૉ. નુસરત કાદરી, આણંદ એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના એસો. પ્રો. ડો. જે.જે. રાણા, બોરસદ આર.પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્ય ડૉ. જીતુભાઈ તલાટી, વિદ્યાનગર એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન અમદાવાદ વૈદ્ય એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના ડૉ. દિવ્યેશભાઈ પટેલ, આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. અભિપ્સાબેન યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ દ્વારા સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના એસોસિયેટ પ્રોફેસર સજનાબેન એમ. પિલ્લાઈએ અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. તેઓએ એન.એસ. પટેલ આર્ટસ કોલેજના આચાર્યશ્રી ડૉ. મોહનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'એપલિકાબિલિટીઓફ કેઈન્સ એનાલિસિસ ફોર ઈન્ડીયન ઈકોનોમી અંડર ધ ન્યુ ઈકોનોમિક પોલિસી રિજીમ (વીથ સ્પેશીયલ રેફરન્સ ટુ કન્ઝમ્પ્શન એન્ડ ઈન્વેસ્ટમેન્ટ મલ્ટીપ્લાયર)' પર મહા નિબંધ તૈયાર કર્યો હતો.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી. એન. ઈન્સ્ટીટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ ઈન કોમર્સ (એમ.કોમ. પ્રોગ્રામ)ના ઈન્ચાર્જ ડાયરેક્ટરશ્રી જયેશ પૂજારા તેમજ વિભાગીય અધ્યક્ષ સેજલબેન ક્રિશ્ચિયન તાજેતરમાં ભારત સરકાર દ્વારા અનુદાનીત તેમજ ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમિનિસ્ટ્રેશન, ન્યુ દિલ્હી દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદમાં સંશોધન પત્ર રજૂ કરવા પસંદગી પામ્યા હતા.

● યુનિવર્સિટી સંલગ્ન ફાર્માસ્યુટીકલ સાયન્સીઝ વિભાગનાં પ્રાધ્યાપક ડૉ. તપન આર. શાહ તથા એમ. ફાર્મના વિદ્યાર્થીઓ મયૂર ચૌહાણ, શાહ બુદ્દીન અલવી અને મેહુલ પટેલને તાજેતરમાં અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ) સ્થિતિ IIIT (ઈન્ડિયન ઈંસ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી) ખાતે યોજાયેલ પાંચમાં વિજ્ઞાન પરિસંવાદ (5th Science Conclave)માં ઉપસ્થિત રહી Noble Prize વિજેતા વિજ્ઞાનીઓ સાથે વિચાર વિનિમય કરવાનું બહુમાન પ્રાપ્ત થયુ હતું.

કેન્દ્રનાં માનવ સંસાધન મંત્રાલય (MHRD) અને ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નોલોજી (DST), નવી દિલ્હીનાં સંયુક્ત ઉપક્રમે પ્રાયોજીત Science Conclave નું આયોજન છેલ્લા પાંચ વર્ષથી IIIT, અલ્હાબાદ ખાતે થતું આવ્યું છે. ઉપરોક્ત કાર્યક્રમ અન્વયે દેશભરમાંથી ૩૫ વર્ષથી નીચેની વયનાં યુવા, તેજસ્વી સંશોધકો, યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં કાર્યરત યુવા, તેજસ્વી પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓની અરજીઓ મંગાવી અને કડક ચકાસણી તથા વિધિવત મૂલ્યાંકન બાદ રાષ્ટ્રીય કક્ષાએ દેશભરમાંથી ચુનંદા પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓને પરિસંવાદમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

● ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના આદ્યસ્થાપક પૂજ્યશ્રી ભાઈકાકાની પ્રેરણાથી સ્થપાયેલી ગુજરાત ઈતિહાસ પરિષદનું ૨૭મું અધિવેશન સીવીએમ સંચાલિત 'સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ' (સેરલિપ) ના યજમાન પદે ગત ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન વલ્લભ વિદ્યાનગર ખાતે સફળતાપૂર્વક યોજાયું હતું.

અધિવેશનના ઉદ્‌ઘાટન સત્રના અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે નાગપુરથી ઈતિહાસકાર અને ભારતીય સંરક્ષણ મંત્રાલયના ડીઆરડીઓમાં મનોચિકિત્સા વિષયક સંશોધનના નિયામક પદેથી નિવૃત્ત થયેલ ડૉ. નીલકંઠ રઘુનાથ વરાડપાંડે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ઈતિહાસ પરિષદના સંસ્થાપક પ્રમુખ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. જગદીશ ચૌધરી, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. આર. પી. પટેલ તેમજ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી પધારેલા અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સંશોધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત અને ગુજરાત બહારની અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી સહિત ૧૧ યુનિવર્સિટીઓના અધ્યાપકો-સંશોધકોએ ભાગ લઈ ૩૬ શોધ નિબંધ રજૂ કર્યા હતા.

આ અધિવેશનના ઉદ્‌ઘાટન સમારંભમાં ઈતિહાસ પરિષદમાં ઈનામી-બિનઈનામી સ્પર્ધા માટે પ્રાપ્ત થયેલા નિબંધો તેમજ સેરલિપનાં એમ.ફિલ.-પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા નિબંધોના પુસ્તક 'ઈતિહાસની કેડીએ' અને 'આદિવાસી લગ્નપરંપરા'નું

વિમોચન સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં થયું હતું.

અધિવેશનમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. જગદીશ ચૌધરીએ પ્રમુખકીય પ્રવચન રજૂ કર્યું હતું. મુખ્યઅતિથિ તરીકે પધારેલ ઈતિહાસકાર ડૉ. નીલકંઠ રઘુનાથ વરાડપાંડેએ હાર્દરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, પૂજ્ય ભાઈકાકાની પ્રેરણાથી ઈતિહાસ પરિષદની સ્થાપના થઈ હતી અને તેનું અધિવેશન સેરલિપના યજમાન પદે યોજાઈ રહ્યું છે તે માટે આનંદની લાગણી વ્યક્ત કરું છું.

અધિવેશનના પ્રથમ સત્રમાં વિજેતા નિબંધોનું વાંચન થયું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પૂર્વપ્રમુખો ડૉ. થોમસ પરમાર અને ડૉ. કે.સી. બારોટ, વર્તમાન ઉપપ્રમુખશ્રી નરેશ અંતાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ સત્રમાં કુલ ૧૧ નિબંધો રજૂ થયા હતા અને વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. આ સત્રનું સંચાલન સેરલિપના અધ્યાપક ડૉ. વસંત પટેલે કર્યું હતું. અધિવેશનના બીજા સત્રમાં બિનઈનામી નિબંધોનું વાંચન થયું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પૂર્વપ્રમુખ ડૉ. મકરંદ મહેતા, વર્તમાન ઉપપ્રમુખ ડૉ. ધર્મેશ પંડ્યા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્‌સ ફેકલ્ટીના ડીન ડૉ. લલિત એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રમાં કુલ ૧૦ નિબંધો રજૂ થયા હતા.

આ અધિવેશનના ત્રીજા સત્રમાં બિનઈનામી નિબંધો રજૂ થયાં હતાં. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પૂર્વ પ્રમુખ ડૉ. શિરીન મહેતા, ગોધરા આર્ટ્‌સ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ.બી.એન. ગાંધી હતા. આ સત્રમાં કુલ ૧૧ નિબંધો રજૂ થયા હતા.

અધિવેશનના પ્રથમ દિવસની રાત્રે વિદ્યાનગરના જાણીતા કવિઓ ડૉ.મણિલાલ હ. પટેલ અને શ્રી હરીશ મીનાશ્રુ દ્વારા કવિતાઓનું રસપાન થયું હતું.

બીજા દિવસના ચોથા સત્રમાં મંચસ્થ મહેમાનોમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. જિગીશ પંડ્યા અને નલિની અરવિંદ આર્ટ્‌સ કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા. વિનુભાઈ તળપદા ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રમાં કુલ ૬ નિબંધો પ્રસ્તુત થયા હતા.

અધિવેશનના સમાપન સત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. આર. પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડાના આર્કિયોલોજી વિભાગના પૂર્વ અધ્યક્ષ અને જાણીતા પુરાતત્ત્વવિદ્ ડૉ. વિશ્વાસરાવ સોનાવણે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા ઈતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્ત્વના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ રસિકલાલ છોટાલાલ પરીખ સુવર્ણચંદ્રક ડૉ. વિશ્વાસરાવ સોનાવણેને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હરીશ પાઢ ને હસ્તે એનાયત થયો હતો. આ સત્રમાં ઈતિહાસ પરિષદના કુલ ઈનામી ૧૨ નિબંધોને રૌપ્યચંદ્રક પ્રાપ્ત કરનારને ચંદ્રકો એનાયત થયા હતા : ૧. કનૈયાલાલ ભાઈશંકર દવે રૌપ્યચંદ્રક-રાકેશ ડી. પરમાર (ગુજરાત યુનિ.), ૨. મહાગુજરાત સાપ્તાહિક રૌપ્યચંદ્રક-કામિની આચાર્ય (સેરલિપ), ૩. શ્રી મફતલાલ પટોળાવાળા રૌપ્યચંદ્રક-ડૉ. તરલિકા એન. ગુર્જર (નવગુજરાત કોલેજ), ૪. સ્વ. તુલસીદાસ મૂળજીભાઈ શેઠ સુવર્ણચંદ્રક-ડૉ. નીતા ઉદાણી (સૌરાષ્ટ્ર યુનિ.) ૫. પ્રા. કેશવલાલ હિંમતરામ કામદાર રોપ્યચંદ્રક - ડૉ. કલ્પા માણેક (સૌરાષ્ટ્ર યુનિ.), ૬. ડૉ. કાંતિલાલ ફૂલચંદ સોમપૂરા રોપ્યચંદ્રક - પ્રીતેશ ડી. સંગાડા (સેરલિપ), ૭. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી સુવર્ણચંદ્રક - ચેતન જી. ચૌધરી (સેરલિપ), ૮. શ્રીમતિ સરયૂ વસંત ગુપ્તે રોપ્યચંદ્રક - હિતેશ કુમાર બી. ચૌધરી (સેરલિપ), ૯. કિરીટ કુમાર જે. દવે સુવર્ણચંદ્રક - સંજયકુમાર એન. મેડા (સેરલિપ), ૧૦. શ્રી સી.એલ. બારોટ સ્મૃતિ પારિતોષિક - દિવ્યેશ કુમાર આર. પટેલ (સેરલિપ).

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૩ થી તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ સુધી મેનેજમેન્ટ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના અંતર્ગત ગેમીંગ કોન્ટેસ્ટ, ટેક્નોફેસ્ટ, ફેકલ્ટી રીસર્ચ પેપર કોન્ટેસ્ટ, એડ મેકિંગ, એલીકોન બેસ્ટ બિઝનેસ આઈડીયા કોન્ટેસ્ટ, ઈ બીઝ સમીટ જેવા કાર્યક્રમ યોજાયા હતા. તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ બેસ્ટ વેબડિઝાઈનર, બેસ્ટ પ્રોગ્રામર, બેસ્ટ ફ્લેશ ડીઝાઈનર, બેસ્ટ ઈમેજ ક્રિએટરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેનું પરિણામ નીચે મુજબ છે.

બેસ્ટ વેબસાઈટ ડિઝાઈનર : પ્રથમ - આદર્શ બોહરા અને નિકુંજ સોનેચા, દ્વિતીય - કાર્તિક કુમાર અને હાર્દિક રાય, તૃતીય - આકાશ દરજી અને ધૃવિન પટેલ

બેસ્ટ પ્રોગ્રામર : પ્રથમ - પાર્થ દેસાઈ અને શિવાંગ ઠાકર, સુરત, દ્વિતીય - મયૂર પાંડે અને વિષ્ણુ કુમાર તરૈયા, ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, તૃતીય - આદર્શ બોહરા અને અંજલિકા સિંહા

બેસ્ટ ફ્લેક્સ ડિઝાઈનર : પ્રથમ - સંધ્યા કમાડીયા, દ્વિતીય - કુશ પટેલ, તૃતીય - એંજલિકા સિંહા

બેસ્ટ ઈમેજ ક્રિએટર : પ્રથમ નિકુંજ સાનેચા, દ્વિતીય - જિગ્નેશ મીયાની, તૃતીય - હર્ષ કોરલવાલ રહ્યા હતા.

ટેક્નોફેસ્ટના કોઓર્ડિનેટર તરીકે પ્રા. નેહલ દોલતજાદા, પ્રા. નિશા મેકવાન, પ્રા. રીમા શાહ, પ્રા. જયનાણાવટીએ સેવાઓ આપી હતી. કોન્કલેવ અંતર્ગત "લાઈવ વાયર" ગેમિંગ ફિફા ૨૦૦૯, કાઉન્ટર સ્ટ્રાઈક, એન એફ એસ મોસ્ટ વોન્ટેડ વગેરે રમતોનું આયોજન

કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધામાં ૧૬ ફેકલ્ટીએ સંક્ષેપ રજૂ કર્યા હતા. તેમાંથી ૧૪નું જ પ્રેઝન્ટેશન કરાવાયું હતુ. આ હરિફાઈના નિર્ણાયક તરીકે ડૉ. આઈ.સી. ગુપ્તા અને એસ વી આઈ ટી, વાસદના મિ. સોનીયલ પંડ્યા રહ્યા હતા. આ સ્પર્ધાના કોઓર્ડિનેટર પ્રા. રીના દવે અને પ્રા. અભિષેક ત્રિવેદી હતા. આ સ્પર્ધાનું પરિણામ આ પ્રમાણે હતું. પ્રથમ પ્રા. નિસરીન પઠાન, દ્વિતીય ડૉ. વિજ્ઞા ઓઝા અને ડૉ. સુવશ્રી દાસ અને તૃતીય ઈનામ ડૉ. સ્વાતી પરબ, ડૉ. સુભાષ જોષી અને ડૉ. વહીદા થોમસ રહ્યા હતા. આજ દિવસે અન્ય એક રસપ્રદ સ્પર્ધા એડ મેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, આ સ્પર્ધા માટે જુલાઈ ૨૦૧૨માં ૮૩ ટુકડીઓએ નોંધણી કરાવી હતી જેમાંથી ૨૭ ટુકડીઓ પસંદ થવા પામી હતી. આ સ્પર્ધામાં કેર કેપ પ્રોડક્ટ્સ, એન્ડચોર ફર્નીચર, થન્ડર બર્સ્ટ એનર્જીડ્રિંક્સ, વિગેરે જેવા વિજ્ઞાપનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે માઈકાના પ્રા. પ્રવીણ મિત્રા, ઓપન સર્કલ કોમ્યુનિકેશનના શોધક, પ્રા. પિયૂષ બાલક્રિશ્નન અને ડૉ. આઈ સી ગુપ્તાએ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાનું પરિણામ આ પ્રમાણે છેઃ પ્રથમ સ્થાને સંજના પટેલનું ''કોલોન કુરીઅર સર્વિસ, દ્વિતીય સ્થાને જીગ્નેશ મીચાનીનું 'સેમકોમ', ત્રીજા સ્થાને હાર્દીક રાયનું ઝેપમોઝે મસ્કીટો કીલર, ચોથા સ્થાને શ્રીલ પટેલનું દિલ્હી ટુરીઝમ રહ્યા હતા.

મેનેજમેન્ટ કોન્કલેવના બીજા દિવસે એટલે કે ૨૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ 'એલિકોન' બેસ્ટ બિઝનેસ આઈડીયા કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટા ઉદ્યોગપતિના રૂપમાં પોતાની ધંધાકીય સૂઝ અને કૌશલ્યનું પ્રદર્શન કર્યુ હતુ. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. આઈ. સી. ગુપ્તા, શ્રી અશ્વિન પરીખ, શ્રી મનોજ શાહ અને શ્રી રૂપીન પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી ૭, સર્વશ્રેષ્ઠ આઈડીયા વિજેતા રહી હતી. જેમાં ઈકો લેટર્ન, ફ્લોવેલ ઈલેક્ટ્રોવીલ્સ, હ્યુમો સેન્સો ઈલેક્ટ્રો, એડ્યુએપ, રોક મેનટીક્સ અને કિયાન રીસોર્ટનો સમાવેશ થાય છે. આ વિજેતા ટીમોને રૂા. ૨૫૦૦૦/- રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. યશસ્વી રાજપરા, ડૉ. સુભાષ જોષી, પ્રા. રેનિલ થોમસ અને ડૉ. અભિષેક ત્રિવેદીએ સેવાઓ આપી હતી.

તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ઈ બિઝ સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે એલીટ કોર ગ્રુપ અમદાવાદ અને સેમકોમ દ્વારા આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસીસના વિકાસ માટે કરાર કરાયો હતો, જેનો લાભ કોલેજના અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મળી શકશે. આ પરીષદમાં શ્રી વિરલ રાવલ, સીનીયર જનરલ મેનેજર, સુઝલોન એનર્જી, પુનેએ 'વર્લ્ડ ઈન વોલેટ'ની થીમ ઉપર પોતાનું બીજરુપ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી રુપીન પટેલે 'ટેક્નોલોજીકલ એડવાન્સમેન્ટ ઈન ધી જનરેશન' ઉપર વ્યાખ્યાન આપ્યું હતુ. શ્રી હિરેન વકીલે 'લીડરશીપ ઈન પ્રેઝન્ટ એરા' ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સહયોગથી 'લોકકથાઃ સંશોધન-સંપાદન' વિષય પર રાજ્ય કક્ષાનો દ્વિદિવસીય પરિસંવાદ તા. ૨,૩ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ યોજાઈ ગયો. પ્રથમ દિવસે ડૉ. નરેશ વેદે 'લોકકથાઃ સંશોધન-સંપાદનની પ્રસ્તુતતા' અંગે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે જાણીતા લોકકલાકાર જીતુદાન ગઢવીએ લોકકથાઓની પ્રસ્તુતિ કરી હતી. બીજી બેઠકમા ડૉ. હસુ યાજ્ઞિકે 'લોકકથા : સિદ્ધાંત ચર્ચા' વિશે; ડૉ. ભગવાનદાસ પટેલે 'આદિવાસી લોકકથા સંશોધન પ્રવૃત્તિ : સ્વાનુભવ' વિશે અને ડૉ. અમૃત પટેલે 'લોકકથાની કથનકળા : સોરઠી લોકકથા સંદર્ભે' વિષય પર; ડૉ. વિક્રમ ચૌધરીએ 'લોકકથાની કથન કળા : ડાંગી લોકકથા સંદર્ભે' વિષય પર (દૃશ્ય-શ્રાવ્યરૂપે) અને ડૉ. અંબાદાન રોહડિયાએ 'લોકકથાની કથનકળા : દુહાબઈવ લોકકથા સંદર્ભે' વિષય પર વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે ડૉ. બળવંત જાનીએ 'લોકકથા સંશોધન : શક્યતા અને ક્ષમતા' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

- તાજેતરમાં ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું ૨૦મું અધિવેશન સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ગાંધીનગર મુકામે યોજાયું હતું. તેમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કાલેની અધ્યક્ષતા તથા જે.એન.યુ. યુનિવર્સિટી, દિલ્હીના પ્રો. ટી. કે. ઓમેન અને નેધરલેન્ડ યુનિવર્સિટી દિલ્હીના મારીયો રટનના પ્રવચનોનું આયોજન થયું હતું. તેમાં વિવિધ સમાજિક વિષયો પર સમાજશાસ્ત્રીઓએ સંશોધન પેપરો રજૂ કર્યા હતા. ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના બીજા દિવસે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના આગામી મંત્રીપદે પ્રો. રમેશ મકવાણા, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

- આણંદ કોમર્સ કોલેજમાં એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં બી.જે.વી.એમ.ના અધ્યાપકોએ શોધપત્રો રજૂ કર્યા હતા. ચેલેન્જીસ એન્ડ પ્રોસ્પેક્ટસ ઈન મેનેજેરીય એરીયાના સંદર્ભમાં પ્રો. ડૉ. સુરેન્દ્ર જી. પટેલ ''ઈ-બેન્કિગ એન્ડ ટેક્નોલોજીકલ સ્પોટ એનાલીસીસ'', પ્રો. પારૂલબેન ઝાલાએ ''અન્ડરસ્ટેન્ડીંગ ઑફ રૂરલ કન્ઝુમર બીહેવીચર'', પ્રો. ભૂમિકા પંજાબીએ ''કરંટ કોર્પોરેટ ગવર્નન્સ ઈન ઈન્ડિયા'', પ્રો. અવની સોનીએ ''ન્યૂ એરા ઑફ માઈક્રો ફાઈનાન્સ-ઈટ્સ ચેલેન્જીસ એન્ડ પ્રોસ્પેક્ટસ'', પ્રો. ટીના સંઘવીએ ''અંડરસ્ટેન્ડીગ ઑફ રૂરલ કન્ઝ્યુમર બીહેવીચર'' વિષયો ઉપર પેપરો રજૂ કર્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આણંદમાં સાઈબર ક્રાઈમ : પ્રકારો અને

નિવારણ અંગેના પરિસંવાદનું આયોજન થયું હતું. ગુપ્ત માહિતીઓ જાતજાતના કોડવર્ડ અને પાસવર્ડ વડે કમ્પ્યૂટર-ઈન્ટરનેટ તથા સ્માર્ટ ફોન દ્વારા થતાં વિવિધ પ્રકારોના ક્રાઈમની ઉદાહરણ સહ રજૂઆત કરવામાં આવી. એન્ટી પાયરર્સ તથા એન્ટી વાયરસની પણ ચર્ચા થઈ. હેકર્સ દ્વારા કમ્પ્યૂટરની કરામત દ્વારા સુરક્ષિત કમ્પ્યૂટર નેટવર્કમાં પ્રવેશીને કમ્પ્યૂટર ફાઈલ્સની ઉઠાંતરી કેવી રીતે થાય છે તથા આમ આદમીને પણ કેવી રીતે સામેલ કરવામાં આવે છે તેની વિશદ ચર્ચા કરવામાં આવી. સાઈબર ક્રાઈમથી બચવા તથા તેના નિવારણ માટે શું અગમચેતી રાખવી તેની છણાવટ ડેટા-૬૪ ટેક્નોલોજીના સંગીતાબેન દ્વારા કરવામાં આવી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજની બી.કોમ.ના ચોથા સેમિસ્ટરમાં અભ્યાસ કરતી કુ. પાર્થવી મહેશભાઈ પટેલ નવેમ્બર-૨૦૧૩માં સી.એ. ઈન્ટરની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ વડોદરા કેન્દ્રમાં ચોથો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. અભિનંદન !

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ડૉ. હેતલ ટંડેલનું વ્યાખ્યાન તાજેતરમાં યોજાયું હતું. વ્યાખ્યાનનો વિષય હતો "ઈન્વેસ્ટમેન્ટ અવેરનેસ" ડૉ. હેતલ ટંડેલએ વિદ્યાર્થીઓને ઈન્વેસ્ટમેન્ટ ક્યાં કરવું જોઈએ અને કેવી રીતે કરવું તેની પ્રાયોગિક સમજૂતી આપી હતી. કોલેજના આચાર્ય ડૉ. આર.ડી. મોદીનાં નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. કોલેજનાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ. કોમ. વિભાગનાં કો-ઓર્ડિનેટર પ્રો. અંકિતા બ્રહ્મભટ્ટે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં ડૉ. હેતલ ટંડેલે વિદ્યાર્થીઓને આ અંગે વિનામૂલ્યે પુસ્તકા અર્પણ કરી હતી.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ ખાતે તા. ૮-૨-૨૦૧૩ના રોજ સરદાર પટેલ યુનિ. અંગ્રેજી વિભાગના એસોસીએટ પ્રોફેસર ડૉ. આર. કે. માંડલિયાનું પોપની જાણીતી કૃતિ "ધ રેપ ઓફ ધ લોક" પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી 'હસ્તપ્રતવિદ્યા અને સાંપ્રત સમયમાં તેની પ્રસ્તુતતા' વિષય પર દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૩ દરમિયાન યોજાઈ ગયો. પરિસંવાદના અધ્યક્ષ પદે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કુલપતિ શ્રી ડૉ. હરીશ પાઢ, મુખ્ય અતિથિ તરીકે ડૉ. દીપ્તિબેન ત્રિપાઠી (ડિરેક્ટર, નેશનલ મેન્યુસ્ક્રિપ્ટ મિશન, ન્યૂ દિલ્હી) તથા અતિથિ વિશેષ પદે ડૉ. મુકુન્દ વાડેકર (ડિરેક્ટર, ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ, વડોદરા) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. પ્રિતીબેન પંચોલીએ 'હસ્તપ્રત : સ્વરૂપ, પ્રકાર, વિશેષતા' વિષય પર; ડૉ. સલોની જોશીએ 'પ્રાકૃત હસ્તપ્રત : સંશોધન અને સંપાદન' વિષય પર તથા ડૉ. કીર્તિદા જોષીએ 'ગુજરાતી હસ્તપ્રત : પરિચય અને પાઠસંપાદન' વિષય પર વક્તવ્યો આપ્યાં હતાં. પરિસંવાદના બીજા દિવસે ડૉ. ટી. ગણેશન (પોંડીચેરી), પાર્વતી ખીરાણી (મુંબઈ), રતનબેન છાડવા (મુંબઈ), સુધા રાઠવા તથા વર્ષા રોહિતે હસ્તપ્રતવિદ્યા અંગે પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા.

## વી.પી. સાયન્સ કોલેજનું ગૌરવ

ગુજરાતની ભવ્ય શિક્ષણ નગરી વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલી ચારુતર વિદ્યામંડળ સંચાલિત લબ્ધ-પ્રતિષ્ઠીત વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજનું રાષ્ટ્રીય કક્ષાનું પુનઃ મુલ્યાંકન બેંગ્લોરની 'નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટિશન કાઉન્સિલ' દ્વારા કરવામાં આવેલું તાજેતરમાં થયેલી સમિતિની આ મુલાકાત દરમિયાન કાઉન્સિલના સભ્યો દ્વારા કોલેજની ધરોહર, વૈભવ, જ્ઞાનની પરાકાષ્ટા, સંસાધનો, સુસજ્જતા, પ્રતિભાવંત અધ્યાપકો, વ્યવસ્થાપન, વગેરેનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણ કરી કોલેજને સીજીપીએ ૩.૧૨ સાથે એ-ગ્રેડ આપી નવાજવામાં આવેલ છે.

## એક અપીલ...

**શીલ શ્રુતમ્** આપણા સૌનું છે. એમાં આપણે સૌ જરૂર સહયોગ કરીએ. પોતાની કોલેજ, અનુસ્નાતક વિભાગ, કેમ્પસમાં યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદ ઈત્યાદિ જેવી નોંધપાત્ર ઘટનાઓ, કેમ્પસ પરિવારમાં જોડાતા નવા સભ્યો, વિદાય લેતા યુનિવર્સિટી પરિવારજનો અંગે જાણકારી જરૂર મોકલો...

**સંપર્ક સૂત્ર :**
**પરમ પાઠક**
અનુસ્નાતક ગુજરાતી વિભાગ
માનવવિદ્યા ભવન
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

## Extension

● **યુજીસી અંતર્ગત NET કોચિંગ ક્લાસનો પ્રારંભ**

યુજીસી સ્પોન્સર્ડ NET **કોચિંગ સેન્ટર ફોર એસ.સી./એસ.ટી.**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે તારીખ ૬ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૧૨ સુધી NET કોચિંગ યોજાયું હતું. યુજીસીની ગાઈડલાઈન મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નેટની પરીક્ષાની ખાસ તાલીમ આપવામાં આવી હતી. સાથોસાથ ઓ.બી.સી. (અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ) અને ઓપન કેટેગરીના તમામ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે National Eligibility Test ની તૈયારી કરવા વિશિષ્ટ પ્રકારના અને વિષય નિષ્ણાત અધ્યાપકોની ટીમ દ્વારા કોચિંગ આપવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ** કોલેજ ઓફ એજ્યુકેશનમાં આત્મીય યુથ આવકાર કાર્યક્રમ અંતર્ગત 'ક્ષિતિજની પેલીપાર' (Vision beyond the horizon) વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી હરિશરણ સ્વામીજી તથા શ્રી ચિંતન સ્વામીજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં Value - Based Education ના ઉપક્રમે Vision Beyond Horizon ના થીમ પર પૂજ્ય ચિંતન સ્વામીજી તથા પૂજ્ય હરીશરણ સ્વામીજીનું મનનીય પ્રવચન આત્મીય ગ્રુપના કો. ઓર્ડીનેશનથી ગોઠવવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ સ્ટડીઝમાં તા. ૨૧-૧-૧૩ થી ૯-૧-૧૩ વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચોકલેટ ડે, ઈંજરી ડે, ન્યુ યર સેલિબ્રેશન ડે, ગેમ્સ ડે, ટ્રેડીશનલ ડે, સિગ્નેચર ડે, ક્લાસ ડેકોરેશન ડે, જીન્સ ડે, મીસમેચ ડે, તથા ગ્રુપ ડે જેવા ડે ઉજવાયા હતા.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ સ્ટડીઝની એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર કાસોર મુકામે તારીખ ૨-૧-૨૦૧૩ થી ૮-૧-૨૦૧૩ સુધી યોજાઈ ગઈ. એન.એસ.એસ.નાં શિબિરાર્થીઓએ ગામની સફાઈ, દૂધમંડળીની મુલાકાત તથા અહેવાલ, જન સંપર્ક, પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય, મહેંદી હરિફાઈ, હોમિયોપેથિક મેડીકલ ચેક-અપ કેમ્પ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ કરી હતી. તેમજ વિવિધ વ્યાખ્યાનો જેમાં Human Rights, Leadership, માર્શલ આર્ટ અને સેલ્ફ ડિફેન્સ અંગે ટૂંકાગાળાની તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોશ્યલ વર્ક, આણંદના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત તા. ૫-૧-૨૦૧૩ શનિવારના રોજ, એન.એસ.એસ. એકદિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બી.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ દ્વારા બોરસદ ચોકડી ઝુપડપટ્ટી એક્તાનગર (પંડ્યાના છાપરા) વિસ્તારમાં વસ્ત્ર દાનનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેની સાથે સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ હતુ.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. એ. કે. યાજ્ઞિકના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી ભાષામાં વિદ્યાર્થીઓનું કૌશલ્ય વધે તે હેતુથી સ્કોપ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. સ્કોપના ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર જેનૂરભાઈએ પણ રાજ્યસરકારની વિદ્યાર્થીકેન્દ્રી સ્કોપ યોજના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોશ્યલ વર્કના રેડ રિબન ક્લબ અંતર્ગત તા. ૫-૧-૨૦૧૩, શનિવારના રોજ બોરસદ ચોકડી ઝુપડપટ્ટી એક્તાનગર વિસ્તારમાં બી.એસ.ડબલ્યુ. ના વિદ્યાર્થીઓ દ્વારા એચ.આઈ.વી./એઈડ્સ વિષય ઉપર પોસ્ટર પ્રદર્શન તેમજ શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનો મુખ્ય હેતુ પ્રજાજનોમાં એઈડ્સ વિશે જાગૃતતા લાવવાનો હતો.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી. એન. ઈન્સ્ટીટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ ઈન કોમર્સ (એમ.કોમ. પ્રોગ્રામ) દ્વારા તાજેતરમાં કોમર્સ આઈડોલ કોમ્પીટીશન યોજાઈ ગઈ.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિતત સેમકોમ કોલેજના ૯ વિદ્યાર્થીઓએ તાજેતરમાં એસ.પી. મંડલીની આર.એ. પોડર કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ દ્વારા આયોજીત 'મોનેટા ૨૦૧૨', મુંબઈ સ્પર્ધામાં ચોથુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

'મોનેટા ૨૦૧૨' એ એક રાષ્ટ્રીય સ્તરે મોટા પાયે યોજાતી નાણાકીય હરીફાઈ છે. આ સ્પર્ધા આર. જે. કોલેજ, મુંબઈના વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવે છે. સેમકોમના વિદ્યાર્થીઓએ કુલ ૧૧ સ્પર્ધામાંથી ૭ સ્પર્ધા જીતી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં સેમકોમ કોલેજના ગૃપ લીડર આદર્શ બોહરા અને તેના સાથી અભીતેજ સવજાની એ 'મોનેટા ૨૦૧૨' અંતર્ગત યોજાયેલ 'બુલરીંગ' સ્પર્ધામાં સતત બીજી વાર પ્રથમ સ્થાન મેળવી રૂ. ૫૦૦૦૦/-નું રોકડ પુરસ્કાર મેળવ્યું હતુ. જ્યારે સેમકોમના અન્ય વિદ્યાર્થીઓ માધવ ઉનડકટ, નીકુંજ સોનોચા, ધૃવ પટેલ અને નીશાંત શ્રીવાસ્તવે 'કાર્બન ક્રેડીટ સીઝાર' સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી રૂ. ૨૫૦૦૦/-નું રોકડ પુરસ્કાર મેળવ્યું હતું. ભારતભરમાંથી બાવન કોલેજોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

● સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમમાં **'Forms of Ganesha'** ની થીમ પર ૧૮ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૨ દરમ્યાન

ગણેશોત્સવ નિમિત્તે એક વિશિષ્ટ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં આવેલ મ્યુઝિયમ વિભાગ દ્વારા અવાર-નવાર શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે તાજેતરમાં એક વિશિષ્ટ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવેલ. 'Forms of Ganesha' નામની આ પ્રદર્શનીમાં વલ્લભ વિદ્યાનગરના સ્થાનિક શિલ્પ-કલાકાર શ્રી હિમ્મતભાઈ પંચાલ દ્વારા કાષ્ઠ અને ફાઈબર માધ્યમમાં બનાવવામાં આવેલ ગણેશ પ્રતિમાઓ પ્રદર્શિત કરવામાં આવેલ. એક ઉત્કૃષ્ઠ શિલ્પકાર તરીકે નામના પ્રાપ્ત શ્રી પંચાલ દ્વારા બનાવવામાં આવેલ ફાઈબર તેમજ કાંસ્ય પ્રતિમાઓ વલ્લભ વિદ્યાનગર અને આણંદ ઉપરાંત, બાલાશિનોર, સારસા, મોરજ, બોરીયા, રાસનોલ, ભાટીયેલ, વલસાડ તેમજ પરદેશમાં ન્યુયોર્ક ખાતે જુદા જુદા જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવેલી છે.

- વલ્લભ વિદ્યાનગરમાં આવેલ સરદાર પટેલ યુનિવર્સિટીમાં સ્થિત મ્યુઝિયમ દ્વારા તાજેતરમાં 'Indian Coinage' - મ્યુઝિયમમાં સંગ્રહિત પ્રાચીન ભારતીય ચલણી સિક્કાઓ પર આધારીત એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટી મ્યુઝિયમ ખાતે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન  સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ દ્વારા કરવામાં આવ્યું.

મ્યુઝિયમ વિભાગના વડાશ્રી અમોલ મોહિતેએ જણાવ્યું કે, યુનિવર્સિટી મ્યુઝિયમમાં ઈસવીસન પહેલી સદીથી ઓગણીસમી સદી સુધીના દુર્લભ એવા પ્રાચીન સિક્કાઓ સંગ્રહીત છે. આ પ્રદર્શનમાં પ્રદર્શિત સિક્કાઓમાં વિવિધ ભારતીય શાસકો જેમકે કુશાણ, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક વગેરેના સિક્કાઓ હતા. ગુજરાત સુલતાન અને મુઘલ શાસકોના સિક્કાઓ સાથે સાથે અવધ, હૈદરાબાદ, ભોપાલ, કચ્છ વડોદરા, ગ્વાલીયર, ઈન્દોર, ઉદયપુર, મૈસૂર જેવા ભારતીય રજવાડાઓના સિક્કા પણ પ્રદર્શિત કરવામાં આવ્યા. આ ઉપરાંત બ્રિટીશ કાળના સિક્કા અને સ્વતંત્ર ભારતના પ્રથમ ચલણી સિક્કા તેમજ ઓગણીસમી સદીની શરૂઆતના કાળમાં વેપારીઓ દ્વારા ચલણ તરીકે વપરાતા ''ટ્રેડ કોઈન્સ'' પણ પ્રદર્શિત કરવામાં આવ્યા. સિક્કાઓના માધ્યમ દ્વારા મુલાકાતીઓ તેમજ વિદ્યાર્થીઓને પ્રાચીન ચલણ વિશેની માહિતી મળી રહે તથા સિક્કાશાસ્ત્ર જેવા ગહન વિષય પ્રત્યે લોકોમાં અભિરૂચિ ઉત્પન્ન થાય તે હેતુથી આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ અને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓની જાણકારી આપવાના આશયથી તા. ૨૩-૧-૨૦૧૩ના રોજ ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રીશ્રી પ્રિ. એસ. એસ. પટેલની અધ્યક્ષતામાં 'સમાજ શિક્ષણ' શિબિર યોજાઈ હતી. ઉદ્‌ઘાટક તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હરીશ પાઢ અને અતિથિ વિશેષ તરીકે આણંદ જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી એન.જી.વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટક શ્રી ડૉ. હરીશ પાઢે શિબિરના આયોજન અંગે પ્રસન્નતા વ્યક્ત કરતાં પોતાના વ્યક્તવ્યમાં કહ્યું હતું કે, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળતા અધિકારો અને સવલતો વિશે તેમને માહિતગાર કરવા એ ઉમદા કાર્ય છે; તેમના સુધી યોજનાઓનો લાભ પહોંચે તે જરૂરી છે. બધાને સમાન તક મળે એ પણ જરૂરી છે. સરકાર અને યુનિવર્સિટીના પ્રયોસોથી નિર્માણ થયેલ એકલવ્ય હોસ્ટેલ અને ચાલુ સાલે નિર્માણ થનાર અન્ય હોસ્ટેલ દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળનાર સુવિધાઓ વિશે માહિતી આપી હતી.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રિ. એસ. એમ. પટેલે જણાવ્યું હતું કે સમાજનું ઉત્થાન થઈ શકે એવા શુભ આશયથી યોજાયેલી આ શિબિરમાં કંઈક રચનાત્મક કાર્ય થવું જોઈએ. વધુમાં તેમણે કહ્યું હતું કે, આદિવાસી જાતિઓનો વિકાસ થયો છે પણ પ્રમાણ ઓછું છે માટે તેમનો વિકાસ થાય એવા પ્રયાસો કરવા જોઈએ. તેમના અધિકારો વિશે સરકાર અને સમાજ ચિંતિત બને એ જરૂરી છે. રાષ્ટ્રનો સમાજ સંપૂર્ણ ઉત્કર્ષ ત્યારે જ સાધી શકે, જ્યારે દરેક સમાજનો ઉત્કર્ષ સધાયો હોય. તેમણે શિબિરમાં રચનાત્મક કાર્ય થાય એવી આશા વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એન.જી. વ્યાસે સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને કારકીર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રોજેક્ટ ઓફિસરશ્રી પી.એમ. વડનેરે અને શ્રી એસ. આર. ગુપ્તેએ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટેની શૈક્ષણિક, આર્થિક અને આરોગ્ય વિષયક યોજનાઓની માહિતી આપી હતી, તેમજ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ અને ૧૯૯૫ વિશે માહિતગાર કર્યા હતા.

આ શિબિરમાં નલિની કોલેજ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિર દરમિયાન યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિનાં ગીતો અને 'છેલ છબીલો ગુજરાતી' નાટકની રજૂઆત થઈ હતી. શિબિરના સંયોજક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. કે.વી. તાવિયાડ અને પ્રો. ગિરીશ ચૌધરીએ સેવા આપી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગમાં તા. ૭મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ 'વારલી પેઈન્ટીંગ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું. આ વિશેષ વર્કશોપનું આયોજન મ્યુઝિયમ વિભાગ તેમજ એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગ સાથે સંયુક્ત કરવામાં આવ્યું.

પ્રતિ વર્ષ ભારતભરનાં મ્યુઝિયમોમાં તા. ૭મી થી ૧૪મી જાન્યુઆરી દરમ્યાન 'મ્યુઝિયમ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે, જેના અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે.

વર્કશોપમાં પ્રાસંગિક વક્તવ્ય દરમ્યાન મ્યુઝિયમ વિભાગના વડાશ્રી અમોલ માહિતેએ 'વારલી' આદિવાસીઓ અંગે જણાવ્યું હતું કે, ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર વસવાટ કરતી આદિવાસી પ્રજાતી જે 'વારલી'ના નામે ઓળખાય છે, તેઓ ખૂબ જ સચોટ અને પ્રસંગાનુરૂપ ચિત્રોનું નિર્માણ કરે છે. આજના ઝડપી યુગમાં વારલી પ્રજાતી ધીરે ધીરે પોતાની આગવી લાક્ષણિકતા ગુમાવી રહી છે. પોશાક તેમજ રીતભાતમાં આધુનિકતનો ઉમેરો થવાથી વારલી પ્રજા પોતાની સંસ્કૃતિને ટકાવી રાખવામાં મુશ્કેલી અનુભવી રહી છે. તેમની અનેરી રીતભાતના પ્રતીક સમી તેમની અનોખી ચિત્રકલા 'વારલી ચિત્રકલા'ના નામે જાણીતી છે.



ઉપરોક્ત વર્કશોપમાં વારલી ચિત્રકલા શીખવનાર સંગ્રહાલયશાસ્ત્રના સલાહકાર તરીકે કાર્યરત સુપ્રિયાબેન વર્તકે જણાવ્યું હતું કે, વારલી ચિત્રકલા મૂળભૂત રીતે ચોખાના લોટની પેસ્ટ વડે ગેરૂથી રંગેલી દીવાલ પર દોરવામાં આવે છે. જ્યારે ઘરમાં કોઈ લગ્ન-પ્રસંગ હોય તે સમયે વારલી લોકો ઘરની મુખ્ય દીવાલ પર આ ચિત્રકલા દ્વારા સુશોભનનું કાર્ય કરે છે. સૌપ્રથમ ચિત્રની કિનારી દોરાય છે, જેના પર 'પાલાઘાટ' એટલે કે લગ્ન-પ્રસંગે ચોરસ આકારમાં દોરવામાં આવતા ચિત્રને 'ચૌક' તરીકે ઓળખવામાં આવે છે. વારલી ચિત્રકલામાં વારલી લોકો તેમના રોજીંદા વ્યવસાય જેમકે મત્સ્ય-ઉદ્યોગ, શિકાર અને લાકડા કાપવા જેવી ક્રિયાઓ તેમજ તેમના દેવી-દેવતા જેમકે પાલાઘાટ, વાઘોબાદેવ, હેમાયદેવી તથા વૃક્ષો, પશુ-પક્ષીઓ સાથે-સાથે તહેવારો જેમકે 'શિમગા' એટલે કે હોળી અને 'તારપા' નૃત્યકળા વગેરેનું ખૂબજ અનેરૂ અને જીવંત નિરૂપણ કરે છે.

આ 'વારલી પેન્ટીંગ વર્કશોપ'માં એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના ઈતિહાસ વિભાગના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમણે કાગળ, કાપડ અને માટીનું એમ ત્રણ જુદા જુદા માધ્યમો પર વારલી ચિત્રકળાનો અભ્યાસ કર્યો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ તથા આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે તથા જ્ઞાનધારા અને સીડબલ્યુડીસીના નેજા હેઠળ તાજેતરમાં મહિલાઓના અધિકારો અને રક્ષણ માટેની કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને આણંદના શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ, મુખ્ય મહેમાન સ્થાને આણંદના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ શ્રી એસ. એન. વકીલ, મુખ્ય વક્તા સ્થાને આણંદ અધિક સિનીયર સીવિલ જજ શ્રીમતી આર.એસ. રાજપૂત, અધિક સીનિયર સીવિલ જજ શ્રી યુ.એન. સિન્ધી, આણંદ જાગૃત મહિલા મંડળના પ્રમુખ આશાબેન, નેશનલ લૉ યુનિવર્સિટીના ડૉ. આમ્રપાલીબેન તથા આણંદ ટાઉનના પી.આઈ. શ્રી પી. કે. દિયોરા ઉપસ્થિત રહ્યાં હતા.

● શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત એ.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવીનો રાષ્ટ્રીય સેવા યોજના : વાર્ષિક શિબિર તાજેતરમાં આણંદ તાલુકાના વઘાસી મુકામે યોજાઈ ગયો. સાત દિવસની આ કાર્ય શિબિરના અંતિમ દિવસે પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં વઘાસી ગ્રામપંચાયતના સરપંચ બ્રિજેશભાઈ પટેલ અને અન્ય આગેવાનો, આર્ટ્સ કોલેજ બોરીઆવીના આચાર્યાશ્રી ડૉ. સોનલ દે દેસાઈ અને શિબિરાર્થી ભાઇઓ ઉપસ્થિત રહ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ આણંદમાં એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે અને આણંદની રેડક્રોસ દ્વારા 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા આણંદ રેડક્રોસના સહકારથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં યોજાયેલા બાવનમા એથ્લેટીક્સ રમતોત્સવમાં કોલેજના ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર શ્રી રાકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભાગ લઈ સુંદર દેખાવ કર્યો.

જેમાં બી.બી.એ. (આઈ.ટી.એમ.)ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા શાહિર વ્હોરાએ ચક્રફેંકમાં તૃતીય સ્થાન, બી. કોમ.ના છેલ્લા સેમિસ્ટરના મહેશ લોખંડેએ ૧૦૦મીટરમાં દ્વિતીય સ્થાન અને ત્રિપલ જમ્પમાં દ્વિતીય સ્થાન તથા એમ.કોમ.ના છેલ્લા સેમિસ્ટરમાં અભ્યાસ કરતી કુ. હરસિદ્ધિ પઢિયારે ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.

● ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત સેમકોમ કોલેજનો ૧૬મો વાર્ષિક રમતોત્સવ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે યોજાયો હતો. વિવિધ રમતોત્સવમાં કોલેજના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રમતોત્સવના મુખ્ય અતિથિ તરીકે શ્રી હેમંત વકીલ, પ્રેસિડન્ટ આણંદ ક્રિકેટ એસોસિએશન અને માનદ્ અતિથિ તરીકે પ્રિ. બી.એલ. નાગર ઉપસ્થિત રહ્યા હતા.

રમતોત્સવની મુખ્ય સ્પર્ધાઓમાં ૧૦૦મી દોડ, ૨૦૦મી દોડ, લાંબી કુદ, ઉંચી કુદ, ચક્ર ફેંક, બરછી ફેંક, ગોળા ફેંકનો સમાવેશ કરેલ હતો. આ ઉપરાંત અન્ય મનોરંજક રમતોનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેનું પરિણામ નીચે મુજબ છે.

૧૦૦ મીટર દોડ : ભાઈઓ માં પ્રથમ રચિત મહેતા, દ્વિતીય જયદીપ પટેલ અને બહેનો માં પ્રથમ તૃષ્ણા પટેલ, દ્વિતીય નિમિષા પટેલ

૨૦૦ મીટર દોડ : ભાઈઓ માં પ્રથમ પવનસિંગ, દ્વિતીય જયદીપ પટેલ અને બહેનોમાં પ્રથમ તૃષ્ણા પટેલ, દ્વિતીય શ્રીના પટેલ

ઊંચી કુદ : ભાઈઓ માં પ્રથમ જયદીપ પટેલ, દ્વિતીય રચિત મહેતા અને બહેનોમાં પ્રથમ શ્રીના પટેલ, દ્વિતીય વિદિશા બગડીયા

ચક્ર ફેંક : ભાઈઓમાં પ્રથમ ચિંતન સીરોયા, દ્વિતીય નિર્મિત વાવલીયા અને બહેનોમાં પ્રથમ પૂર્વી વડોદરીયા, દ્વિતીય રુતા ગુપ્તા

ગોળા ફેંક : ભાઈઓમાં પ્રથમ આલેખ ફિલિપ, દ્વિતીય નિર્મિત વાવલીયા અને બહેનોમાં પ્રથમ સંજના પરીહાર, દ્વિતીય આશીફા શેખ

બરછી ફેંક : ભાઈઓમાં પ્રથમ રાજેશ વાઘાની, દ્વિતીય યશ શર્મા અને બહેનોમાં પ્રથમ હિતા દેસાઈ, દ્વિતીય સ્ટેફી સાજી

લાંબી કૂદ : ભાઈઓમાં પ્રથમ જયદીપ પટેલ, દ્વિતીય આશિષ વામદેવમ અને બહેનોમાં પ્રથમ શ્રીના પટેલ, દ્વિતીય નિમિષા પટેલ

બેસ્ટ એથલેટ્સનો એવોર્ડ ભાઈઓમાં જયદીપ પટેલ તથા બહેનોમાં શ્રીના પટેલના ફાળે ગયો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના વાંચે ગુજરાત અંતર્ગત પુસ્તક સમીક્ષા કાર્યક્રમ, કાર્યક્રમના અધ્યક્ષા ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીનના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કુલ ૧૧ ભાઈ-બહેનોએ પોતાનાં ગમતાં પુસ્તકોની સમીક્ષા રજૂ કરી હતી. આ પુસ્તકોની સમીક્ષા રજૂ કરી હતી. આ પુસ્તક સમીક્ષા કાર્યક્રમમાં પ્રથમ ક્રમે ચૌધરી ધર્મેશ વી., દ્વિતીય ક્રમે પટેલ નિલમબેન કે., તૃતીય ક્રમે મિશ્રા શ્રદ્ધાબેન સી. તથા મહેતા પૂજાબેન એ. વિજયી થયા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં 'વિમેન સેલ' અન્વયે બી.કોમ. સ્વનિર્ભર તથા એમ.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે ડૉ. આમ્રપાલી મરચન્ટનું વ્યાખ્યાન યોજાયું હતું. ડૉ. આમ્રપાલી મરચન્ટે સ્ત્રી સશક્તિકરણ વિષયક તથા વિદ્યાર્થીઓને વાંચનનું મૂલ્ય સમજાવી વધુ વાંચન કરવાની પ્રેરણા આપી હતી.

● ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન અને સેંટ સ્ટીફન ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી, આણંદમાં વુમન સેલ અંતર્ગત ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. પલ્લવી પી. પટેલ અને ફેકલ્ટી ઓફ બિઝનેસ સ્ટડીઝના ડીન અને સરદાર પટેલ યુનિવર્સિટીની વુમન સેલ અને કમ્પ્લેઈન કમિટીના મેમ્બર ડૉ. કેતકી શેઠનો સ્ત્રી સશક્તિકરણ અંગે વાર્તાલાપ યોજાયા હતા.

● શ્રી આઈ. જે. પટેલ, બી.એડ્. કોલેજમાં સ્પંદન સપ્તાહ કાર્યક્રમ નિમિત્તે કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનીષ પટેલે વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી અંગે પ્રોત્સાહિત કર્યા હતા.

● ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં તાજેતરમાં વાલી-અધ્યાપક મંડળની મીટીંગ રાખવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના 'ઉદિશા પ્લેસમેન્ટ સેલ' દ્વારા ટી.સી.એસ. લી., વડોદરાના સહયોગથી 'કેમ્પસ પ્લેસમેન્ટ'નું આયોજન થયું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા યુવા મહોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સ્વામી વિવેકાનંદ કલબ દ્વારા 'સ્વામી વિવેકાનંદ જીવન ચરિત્ર' પર આધારિત એનિમેટેડ ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં 'યુવા સપ્તાહ' નિમિત્તે કલા કૌશલ્ય ગીત-સંગીત ધારા અંતર્ગત કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ માટે દર વર્ષે ડૉ. આર.પી. પટેલના ઉદાર સખાવતથી સાહિત્યિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અનિશાબેન વ્હોરા, દ્વિતીય ક્રમે ફાલ્ગુનીબેન પટેલ અને તૃતીય ક્રમે જાગૃતિબેન બારોટ વિજેતા બન્યા હતા.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત ટી.એન.એસ.પી. પટેલ કોમર્સ કોલેજના તૃતીય વર્ષ બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ આરકોગુલ (ARCOGUL)ની મુલાકાત લીધી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં વીમેન ડેવલપમેન્ટ સેલ (W.D.C.)ના ઉપક્રમે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત ટી.એન.એસ.પી. પટેલ કોમર્સ કોલેજ સંચાલિત બીબીએ, બીબીએ અને બીકોમના વિદ્યાર્થીઓ એ ભારતીય અને પશ્ચિમી દેશોના પોષાકનો પરિધાન કરી વિવિધ ડેની ઉજવણી કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત તથા W.D.C. ના નેજા હેઠળ તા. ૧૮-૧-૨૦૧૩ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત સંસ્થાઓના

વિદ્યાર્થીઓ માટે સ્વ શ્રીમતી સવિતાબેન ગોરધનભાઈ પટેલ તથા સ્વ. શ્રીમતી શાન્તાબેન નરસિંહભાઈ પટેલના સ્મરણાર્થે 'વાનગી સ્પર્ધા' (પુલાવ)નું આયોજન કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં કલાકૌશલ્ય ધારા તથા સર્જનાત્મક ધારાના નેજા હેઠળ તથા હિન્દી ભાષા સાહિત્ય મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭-૧-૨૦૧૩ને રોજ શ્રીમતી દક્ષાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ (બી.કે. એન્ડ કંપની) તરફથી સ્ત્રી સશક્તિકરણની પ્રવૃત્તિના ભાગરૂપે સાડી પરિધાન તથા કેશગુંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, આણંદના સંગીત પ્રભાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

● તાજેતરમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, નિરમા યુનિવર્સિટી તથા દાત્રી બીન સરકારસ સ્વાયત સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આનુષાંગિક રક્તકોસ દાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજનો ૧૬મો વાર્ષિકદિન તા. ૯ માર્ચ ૨૦૧૩ના રોજ યોજાયો હતો.

● સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના 'વીમેન સેલ' અંતર્ગત તા. ૮ માર્ચ ૨૦૧૩ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી. ઉજવણીના ભાગ રૂપે યોજાયેલ તજજ્ઞીય વાખ્યાનમાં આણંદ એજ્યુકેશન કોલેજના વ્યાખ્યાતા ડૉ. વીભાબેન ખેરે નારીની વિકાસગાથાના ઐતિહાસિક ઉદાહરણોને વણી લઈ નારી ગૌરવ, નારી સામર્થ્ય, સમાજમાં નારીની સ્થિતિ, નારી સામેના પ્રવર્તમાન પડકારો તથા નારીની ભવિષ્યની ભૂમિકાઓનો ચિત્તાર રજૂ કર્યો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદમાં રેડરિબિન ક્લબ અને એન.એસ.એસ. ના ઉપક્રમે સક્સેસ સ્ટોરીઝ ઓફ એઈડ્સ વીક્ટીમ્સ અને એઈડ્સ જાગૃતિનું મહત્વ વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સબીહા ઘાંચીવ્હોરા (બીકોમ-૨), દ્વિતિય ક્રમે નિરમા બી. રાજપુરોહિત (બી.કોમ.-૨), તૃતિય ક્રમે વિનય શર્મા (બી.કોમ. ૪) વિજેતા જાહેર થયા હતા.

● તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ અનુસ્નાતક ઈતિહાસ વિભાગમાં સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ઉપક્રમે એક દિવસની કાર્યશિબિર યોજાઈ ગઈ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પૂર્વાધ્યક્ષ અને પ્રોફેસર એસ.વી. જાનીએ આ પ્રસંગે અનુસ્નાતક ઈતિહાસ વિભાગના ૭૬ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સમક્ષ 'સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશી રાજ્યોનું એકીકરણ' એ વિષય ઉપર માહિતીપ્રદ અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

● એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરનો ૫૩મો વાર્ષિકોત્સવ તા. ૨૨-૦૨-૨૦૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ડૉ. રમેશ પંડ્યા, આચાર્ય, શ્રીમતી બી.સી.જે. રાવ કોલેજ ઑફ એજ્યુકેશન મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત આણંદ લો કોલેજ યજમાન પદે ઈનર વ્હીલ ક્લબ આણંદના સહયોગથી તા. ૨૮-૨-૨૦૧૩ના ગુરુવારના રોજ ચેસ તથા કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું, જેના શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત વિવિધ ૧૨ કોલેજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ કુલ ૭૫ થી વધુ એ ભાગ લીધો હતો. ચેસ રમતમાં પ્રથમ ક્રમાંકે કિશનસિંહ રાજ (એ.આઈ.બી.એસ.) દ્વિતીય ક્રમાંકે રૂસી દવે (એ.પી.સી.) તૃતીય ક્રમાંકે વિનોદ સીજુ (એ.પી.સી.)ને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. કેરમની રમતમાં પ્રથમ ક્રમાંકે ચિરાગ પટેલ અને અભિષેક પંચાલ (એ.આઈ.બી.એસ.) દ્વિતીય ક્રમાંકે વિજય મિશ્રી અને ચેતન ચાવડા (એ.આઈ.આઈ.એસ.), તૃતીય ક્રમાંકે હાર્દિક પટેલ અને સંદીપ પટેલ (એ.એલ.સી.) વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

● તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલમાં તારીખ ૯-૩-૨૦૧૩ને શનિવારના રોજ 'સમાવર્તન સંસ્કાર સમારેહ'નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સમારોહમાં અધ્યક્ષ તરીકે સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલભાઈ પટેલ સાહેબ, મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતકશિક્ષણ શાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. પલ્લવી પી. પટેલ અતિથી વિશેષ તરીકે ડૉ. આર.એલ. છાંગાણી, ઓર્થોપેડિક સર્જન, મીરા હોસ્પિટલ આણંદ, કોલેજના આચાર્યશ્રી, અધ્યાપકગણ પૂર્વ પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો, હાલમાં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

● અનુસ્નાતક હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે તેમજ ચારુતર વિદ્યામંડળ અને નગરપાલિકા વલ્લભવિદ્યાનગરના સૌજન્યથી તારીખ ૨૬ થી ૨૮ મી ફેબ્રુઆરી ૨૦૧૩ દરમ્યાન રમા મનુભાઈ દેસાઈ સંગીત-નૃત્ય કોલેજ ખાતે ત્રિદિવસીય નાટ્યોત્સવ ઉજવાયો હતો. સમારોહના પ્રથમ દિવસે કલા નિકેતન, રાજકોટ તરફથી 'વારસદાર' ગુજરાતી નાટક રજૂ થયું જેમાં દેશી રજવાડા અને બ્રિટીશ સત્તા વચ્ચેના સંઘર્ષને આવરી લેવાયો હતો. બીજા દિવસે સાર્થક નાટ્ય સંસ્થા, જયપુરના રંગકર્મીઓએ હિન્દી ભાષામાં 'ટીન ટપ્પર' નાટકની રજૂઆત કરી હતી જેમાં ગરીબો ઉપર સત્તાના જુલમોનો ચિતાર હતો. ત્રીજા દિવસે પ્રાંગણ નાટ્ય સંસ્થા, પટનાના કલાકારોએ લોકશૈલીમાં ગીત-સંગીત-નૃત્ય સાથે

'ફૂલ નૌટંકી વિલાસ'ની પ્રસ્તુતિ કરી હતી જેમાં ઐતિહાસિક પ્રણયકથા રજૂ કરાઈ હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ** એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર દ્વારા ડીસેમ્બર થી જાન્યુઆરી ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન રાષ્ટ્રિય સેવા યોજના એકમ હેઠળ મળેલ ખાસ અનુદાનમાંથી 'રેડ રીબિન કલબ' અન્વયે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ટેલીફિલ્મો, શીઘ્રવક્તૃત્વ સ્પર્ધા, ક્વીઝ સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા અને તજજ્ઞોના વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું.

● 27th Gujarat Science Congress was held on 24th February 2013 at **CHARUSAT**, Changa. Research paper entitled "MODIFICATION IN THE PROPERTIES OF CONVENTIONAL CASTOR OIL BASED POLYURETHANES USING NOVEL PHOSPHOROUS CONTAINING POLYRETHANES" by **Dr. (Miss) R. H. Patel, A. V. Hirani and K. S. Patel of Department of Materials Science** was presented in the discipline of Chemical Sciences in poster session Mr. Amin V. Hirani, Ph.D. student working under Dr (Miss) R. H. Patel of Dept. of Materials Science has presented the paper and awarded the Second prize.

● 27th Gujarat Science Congress was held on 24th February 2013 at Changa. Research paper entitled "Ab-intio, DFTI calculations and Biological studies of crystal structure 1-[3-(2-benzyloxy-4-methyl-phenyl)-5-(3,4,5-trimethoxy-phenyl)-4, 5-dyihydro-pyrazol-1-yl]-propane-1-one" by **Urmila H. Patel, V.M. Barot, Sahaj A. Gandhi, N. V. S. Varma, Rajesh D. Modh. X-ray Crystallography Laboratory, Department of Physics, Sardar Patel University, V.V. Nagar,** P. G. Center in Chemistry, Smt. S. M. Panchal Science College, Talod Gujarat Arts and Science College, Ahmedabad was presented in the discipline of Physical science in poster session. **Mr. Sahaj A. Gandhi**, Ph.D. student working under Dr. U.H. Patel of Department of Physics presented the paper and awarded the Third prize.

● તા. ૧૨-૨-૨૦૧૩ મંગળવારના રોજ પી.પી. પટેલ કોલેજ ઓફ શોશ્યલ સાયન્સના બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા અંધ અપંગજન વિકાસ મંડળ મોગરી ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી. ડૉ. અનશૂલ શાહ તથા તેમની ટીમ દ્વારા બાળકોના આરોગ્યની ચકાસણી કરી મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● તા. ૧૩-૨-૨૦૧૩ બુધવારના રોજ **પી.પી. પટેલ કોલેજ ઓફ** સોશ્યલ, દહેમીના બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા દહેમી ગામ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દહેમી ગામના ગ્રામજનોના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી. ડૉ. અનશૂલ શાહ તથા તેમની ટીમ દ્વારા ગ્રામજનોના આરોગ્યની ચકાસણી કરી મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત ઉપરોક્ત કોલેજના બી.સી.એ., બી.બી.એ. તથા બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે રેડરીબનના ઉપક્રમે સેમિનારનું આયોજન થયું હતું.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત ટી.એન.એસ.પી.સી.સી. કોલેજમાં ભાઈઓ તથા બહેનોની સ્પોર્ટ ડે તાજેતરમાં ઉજવાયો હતો. ભાઈઓમાં કોથળા દોડ, લેમન સ્પુન, નીડલ થ્રેડ, વોલીબોલ જ્યારે બહેનોમાં લંગડી, ત્રણ પગી દોડ, નીડલ થ્રેડ, કોથળા દોડ, ૧૦૦મી દોડ વગેરે રમતોનું આયોજન કર્યું હતું. બપોરના સમય બાદ વિદ્યાર્થીઓએ ક્રિકેટનું આયોજન કર્યું હતું.

● બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત કોમર્સ કોલેજના બીબીએના વિદ્યાર્થીઓએ ''સેલ્ફ એમ્પલોઈડ વિમેન એસોશિએશનની''ની તાજેતરમાં મુલાકાત લીધી હતી.

● શ્રી આઈ. જે. પટેલ બી.એડ. કોલેજ, મોગરીમાં વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના કા. આચાર્ય ડો. જયેશભાઈ પૂજારા દ્વારા 'ઘરના મોભીઓ મૂડીરોકાણનું આયોજન' વિષય પર હોમ મેકર્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

● તા. ૧૧-૨-૨૦૧૩ સોમવારના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અંતર્ગત ડૉ. બાબા સાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ઉપક્રમે પી.પી. પટેલ કોલેજ ઓફ સોશ્યલ સાયન્સના બી.એસ.ડબલ્યુમાં અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબા સાહેબ આંબેડકર ચેરના પર્સન ડૉ. રમેશ મકવાણા તથા પી.પી. પટેલ કોલેજ ઓફ સોશ્યલ સાયન્સના પ્રિન્સીપાલ કામિની દસોરાના માર્ગદર્શન એને અધ્યક્ષતા હેઠળ યોજાયેલ આ સ્પર્ધામાં તૃતીય વર્ષમાં વિદ્યાર્થી પ્રિતેશ પરમાર પ્રથમ ક્રમે, દ્વિતીય વર્ષની વિદ્યાર્થીની સુહાના દ્વિતીય ક્રમે તથા તૃતીય વર્ષનો વિદ્યાર્થી સહિદ રાઠોડ વિજેતા બન્યા હતા. આંબેડકર ચેર તરફથી ચેર પર્સન ડૉ. રમેશ મકવાણાના હસ્તે વિજેતાઓને અનુક્રમે રૂા. ૨૫૦, ૨૦૧ અને ૧૫૧ના ઈનામ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (સ્થાપના વર્ષ : ૧૯૧૬) દ્વારા સંચાલિ શ્રી આઈ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરીમાં નીચે મુજબના તજ્જ્ઞ વ્યાખ્યાન યોજાયા હતા.

તા. ૧૨-૧૨-૨૦૧૨ના રોજ 'શૈક્ષણિક સંશોધનમાં ઉપકરણ' અને તા. ૩૦-૧-૨૦૧૩ના રોજ 'નમૂનાનું કદ અને નમૂના ભૂલો' વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રો.ડૉ. એ.બી. કગથલાનું વ્યાખ્યાન યોજાઈ ગયું. તા. ૩૧-૧-૨૦૧૩ના રોજ Writing an Educational Article વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. કે. એસ. લિખિયાનું વ્યાખ્યાન યોજાયું. તા. ૭-૨-૨૦૧૩ના રોજ વિષય પર Learner as a psychological being : in behaviourism, constructivism, humanistic school of psychology વિષય પર પ્રો. ડૉ. વી. ડી. મોગરિયા, વલ્લભ વિદ્યાનગરનું વ્યાખ્યાન યોજાયું. તા. ૧૨-૨-૨૦૧૩ ના રોજ AIDS Awareness & Youth વિષય પર પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદના ડૉ. મનીષા ગોહિલનું વ્યાખ્યાન યોજાયું. તથા તા. ૨૨-૨-૨૦૧૩ પ્રો. જયેન્દ્ર કે. દવે - Philosophical perspectives on education (Indian) - 'Axiological aspects in terms of society, culture and personal qualities', તા. ૨૩-૨-૨૦૧૩ પ્રો. એમ. કે યાજ્ઞિક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'Epistomological aspects in concept, aims, processes and student-teacher' વિષય પર, તા. ૨૬-૨-૨૦૧૩ ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'Metaphysical aspects of India Philosophy on Educational aims, processes, students-teacher' વિષય પર, તા. ૨૭-૨-૨૦૧૩ પ્રો. પલ્લવીબેન પી. પટેલ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'Analysis of concepts of Teaching and learning in major and Changing concepts of teaching and learning' વિષય પર વ્યાખ્યાન યોજાયા હતા.

- એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ, વલ્લભ વિદ્યાનગર દ્વારા આયોજિત 'In the opinion of the house reel life is the dipiction of real life' વિષયક ઈન્ટર કોલેજ ડિબેટ કોમ્પિટીશનમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓ કુ. દિશા કૃષ્ણકાંત મારવાડી - એસ.વાય. બી. એ. અને કુ. કાજલ મહેશભાઈ અગ્રાવત - એસ.વાય.બી.એ., પ્રથમ ક્રમે વિજેતા બની ટ્રોફી મેળવી છે.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડલ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ દ્વારા તાજેતરમાં NSS અંતર્ગત Aids Awareness પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય પ્રવક્તા તરીકે આણંદ હોમિયોપથીક હોસ્પીટલના આસી. પ્રા. ડૉ. ધારા ત્રિવેદીએ રોગને નિવારવા તથા તેની સામે રક્ષણ મેળવવા માટે સવિસ્તાર સમજૂતી આપી હતી.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝમાં અભ્યાસ કરતાં તૃતિય વર્ષનાં બીબીએના વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે આવેલ બ્લાઈન્ડ એસોશિએશનની તાજેતરમાં મુલાકાત લીધી હતી.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝમાં તાજેતરમાં campus interviewમાં T.Y. B.B.A (Gen.), T.Y. B.B.A. (ISM), T.Y. B.Com.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદ દ્વારા એક દિવસીય એચ.આર. કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય ''શેપીંગ એ ફ્યુચરીસ્ટીક એચ.આર. ટ્રેજેક્ટરી ટોવર્ડઝ હાઈ પર્ફોમન્સ'' હતો.

કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી શ્રીમતિ જ્યોત્સનાબેન કે. પટેલ તથા ચીફ ગેસ્ટ તરીકે શ્રી રાહુલ કુમાર શ્રીવાસ્તવ (એમ.ડી., અમુલ), અતિથિવક્તા શ્રી અનિશ ધોલકીયા (વી.પી.- એચ. આર., રીલાયન્સ ઈન્ડીયા લિમિટેડ), શ્રી કે. એસ. પ્રસાદ (એમ.બી.એ. વિભાગ, સ.પ. યુનિવર્સિટી), શ્રી શૈલેષ ત્રિવેદી (જી.એસ.એફ.સી.) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના તેજસ્વી તારલાઓ શાલુબેન મિત્તલ, મુકશીતાબેન ધ્રાંગાધરીયા, અર્પિતાબેન પટેલ, શ્વેતાબેન પારેખ, જાગૃતિબેન પટેલીયાને ગોલ્ડ પ્લેટેડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી અનિશ ધોલકીયાએ ''સોશ્યલ નેટવર્કીંગ'' વિશે શ્રી રાહુલ શ્રીવાસ્તવ, એમ.ડી., અમુલ દ્વારા એચ.આર. શું છે તથા વિદ્યાર્થીઓએ હાલની સ્થિતિમાં એચ.આર. પ્રોફેશનલ તરીકે શું કામ કરવું જોઈએ આ અંગે વાર્તાલાપ આપ્યો હતો. શ્રી કે.એસ. પ્રસાદ દ્વારા ''એમ્પ્લોઈડ બ્રાન્ડી'' વિષય ઉપર અને જલ્પાબેન ભારદ્વાજ દ્વારા વિદ્યાર્થીને ''કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબલીટી'' અંગે વક્તવ્ય આપ્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ દ્વારા 'કારકિર્દી માર્ગદર્શન અને આયોજન, 'જ્ઞાનધારા/ઉદિશા પ્લેસમેન્ટ સેલ' અંતર્ગત આણંદ-વિદ્યાનગર તથા આજુબાજુના વિસ્તારની વિવિધ કોલેજના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે TCS કંપની, વડોદરા દ્વારા તા. ૨૭-૧-૨૦૧૩ના રોજ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન. પટેલના પ્રમુખ સ્થાને તથા સંયુક્ત મંત્રી શ્રી ઘનશ્યામભાઈ બી. શાહના અતિથિવિશેષ પદે, TCS ના SR HR Manager Lead Ms. Linda, Mr. Lalit Sr. Manager-Operations તથા તેઓની સમગ્ર ટીમની ઉપસ્થિતિમાં 'કેમ્પસ ઈન્ટરવ્યૂ' યોજાયો હતો. એમાં ૧૧ વિદ્યાર્થીઓ અંતિમ પસંદગી પામેલ અને કંપની તરફથી તેઓને ઓફર લેટર આપવામાં આવ્યો હતો.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજના બીબીએ (જનરલ)

સેમિસ્ટર-૪ ના વિદ્યાર્થીઓ કુ. બિજલ એ. પટેલ અને હિતેન કે. શાહે એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદમાં યોજાયેલ ''મહાત્મા ગાંધી ઈલોક્યુશન ટ્રોફી'' સ્પર્ધામાં ભાગ લઈ સરદાર પટેલ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં ''શ્રમ યજ્ઞ દિવસ'' ઉજવાયો હતો. જેમાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ.નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના વર્ગ, સ્પોર્ટ્સ રૂમ, એલ.આર. રૂમ તથા સમગ્ર કોલેજની સાફ-સફાઈ કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્કના રેડ રિબન ક્લબ તાજેતરમાં બોરસદ ચોકડી ઝૂંપડપટ્ટી એક્તાનગર વિસ્તારમાં બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા એચ.આઈ.વી/એઈડ્સ વિષય પર પોસ્ટર પ્રદર્શન તેમજ શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો મુખ્ય હેતુ પ્રજાજનોમાં એઈડ્સ વિશે જાગૃતતા લાવવાનો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિવિધ રમતો જેમાં સંગીત ખુરશી કોથળા દોડ, ડબ્બા દોડ, સિક્કા શોધ, લીંબુ-ચમચી દોડ, રસ્સી ખેંચની રમતો ભાઈઓ અને બહેનો માટે આયોજીત કરાઈ હતી. આ સ્પર્ધામાં ભાઈઓમાં ચેમ્પિયન ઓફ ચેમ્પિયન પરમાર અજીતસિંહ તથા બહેનોમાં આ ખિતાબ પટેલ રૂપલબેનના ફાળે ગયો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા પૂર્વ પ્રશિક્ષણાર્થીસંઘ તથા વાલી-અધ્યાપક સંસદનું અધિવેશન યોજવામાં આવ્યું હતું.

● રેડ રીબીન ક્લબ અને આણંદ હોમિયોપેથીક કોલેજના સયુંક્ત ઉપક્રમે ''એઈડ્સ અને અધ્યાત્મ'' વિષય ઉપર પરિસંવાદ યોજાઈ ગયો. ડૉ. જે. એફ. પટેલે આધ્યાત્મમાં જુદા જુદા વેદમાં તથા પ્રાચીનકાળના ગ્રંથો તેમજ ગીતાજીના શ્લોકોનો આધાર લઈ વિદ્યાર્થીઓને એઈડ્સમાંથી મુક્તિ અને આપણા સાંસ્કૃતિક વારસાની સમજ આપી હતી. ડૉ. નીલમબેન ત્રિવેદી (ઈન્ચાર્જ આચાર્ય આણંદ હોમિયોપેથીક કોલેજ) શ્રી રામકૃષ્ણ પરમહંસ શારદામણી દેવીના સંદેશ સમજાવીને એઈડ્સનું પ્રમાણ ઓછું કરી શકાય તેની માહિતી આપી હતી. ડૉ. મીરાબેન શાહે ડૉક્ટર તરીકેની તાલીમ લેતા વિદ્યાર્થીઓ ધ્યાનમાં રાખવાની બાબતો ઉપર પ્રકાશ પાડ્યો હતો. ફર્સ્ટ એમબીબીએસના વિદ્યાર્થીએ એચ.આઈ.વી. વિષે સ્લાઈડ શો પ્રેઝન્ટેશન કરેલું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્કના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત તા. ૨૭-૧-૨૦૧૩ થી ૨-૨-૨૦૧૩ દરમિયાન લાંભવેલના પરા વિસ્તાર, હનુમાનપુરા, રાઘુપુરા ખાતે વાર્ષિક શિબિરનું આયોજન થયું હતું. સ્વચ્છતાને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસ સફાઈ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા બાળ સ્વાસ્થ્ય અને બાળ વિકાસને ધ્યાનમાં રાખીને આંગણવાડી અને લાંભવેલ ગામ અને પરાની પ્રાથમિક શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથધરવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે તા. ૧૬-૨-૨૦૧૩ શનિવારનાં રોજ યુનિવર્સિટી સ્ટાફ કોલોની ગ્રાઉન્ડ ખાતે ઈન્ટર-ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં કુલ ૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં બી.કોમ. સેમિસ્ટર-૨ની ટીમ વિજેતા જાહેર થઈ હતી.

ગુજરાત સરકાર દ્વારા ખેલમહાકુંભ સ્પર્ધા ૨૦૧૨નું આયોજન કરેલ જેમાં જિલ્લા કક્ષાએ ઓપન ભાઈઓ વિભાગ કબડ્ડી સ્પર્ધામાં આઠ તાલુકાઓની ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજની ટીમે સતત ત્રીજા વર્ષે ફાઈનલમાં વિજય મેળવી દરેક ખેલાડીઓએ સરકાર દ્વારા ત્રણ હજાર રૂપિયાનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૩ માર્ચ ૨૦૧૩ના રોજ 'વિદ્યાનગર ડે'ની ઉજવણી અન્વયે પૂ. ભાઈકાકા ચેર અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે યુનિવર્સિટી ઈતિહાસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. જીગીશભાઈ પંડ્યાએ પૂજ્ય ભાઈકાકાના જીવન કવન અંગેનો વિગતપૂર્ણ ઈતિહાસ રજૂ કરી સરદારશ્રી સાથે પૂ. ભાઈકાકાના અનેક સંસ્મરણો રજૂ કર્યા હતાં.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૩ માર્ચ ૨૦૧૩ના રોજ વિદ્યાનગર સ્થાપના દિન નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) અંતર્ગત એક દિવસીય શ્રમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં NAAC અનુદાનિત અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી જનરલ અવરનેસ ઓફ લાયબ્રેરી એન્ડ ઓફિસ એડમીનીસ્ટ્રેશન વિષય પર રાજ્યકક્ષાનો એક દિવસીય વર્કશોપ તા. ૧૬-૩-૨૦૧૩ને શનિવારના રોજ યોજાયેલ હતો. આ વર્કશોપમાં રાજ્યભરની વિવિધ કોલેજોમાંથી આશરે ૧૫૦થી વધારે ગ્રંથપાલ અને વહીવટી કર્મચારીઓએ ભાગ લીધો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ અને સમારોહના મુખ્ય મહેમાન ડૉ. હરીશ પાઢે પોતાના વકતત્વમાં જણાવ્યું હતુ કે આપણે સૌ ડાયનેમીક સમયમાંથી પસાર થઇ રહ્યાં છીએ, જ્યાં સતત પરિવર્તન આવી રહ્યાં છે, તેને સ્વીકારીને જ ચાલવુ પડશે.

વર્કશોપમાં ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગાના કુલસચિવે બીજરૂપ વક્તવ્યમાં Need theory (1) Need for power (2) Need for affiliation (3) Need for achievement વિશે સદૃષ્ટાંત ચર્ચા કરી હતી.

દિવસ દરમ્યાન કુલ ચાર સેશન યોજાયેલ, જેમાં ટેકનિકલ સેશન-૧માં અગ્રવાલ ફાઉન્ડેશન ગ્રુપ ઓફ કોલેજીસ, નવસારીના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. યુ.ટી. દેસાઇએ કાર્યાલય સંચાલન, ટેકનીકલ સેશન-૨ માં ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય વિજ્ઞાન વિભાગના વડા ડૉ. ગીતાબેન ગઢવીએ 'Information Communication Technology' વિષય પર માહિતી રજૂ કરેલ.

ટેકનીકલ સેશન-૩માં સરદાર પટેલ યુનિવર્સિટીના ઇન્ચાર્જ મુખ્ય હિસાબનીશ અધિકારી ડૉ. એન. કે. ભટ્ટે બજેટ કેવી રીતે બનાવવું તથા ક્યા ક્યા વિભાગોમાં કેવી રીતે વાપરવું તે બાબતે છણાવટ કરેલ. ટેકનીકલ સેશન-૪માં આણંદ આર્ટ્સ કોલેજના લાયબ્રેરીયન ડૉ. વૈશાલીબેન ભાવસાર 'Library Management & Information Services' પર પોતાનું વક્તવ્ય આપેલ.

આ વર્કશોપનાં પૂર્ણાહૂતિ સમારોહમાં મુખ્ય મહેમાન પદે P.G. Education Departmentના પ્રોફેસર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રો-વાઇસ ચાન્સેલર ડૉ. મહેશભાઇ યાજ્ઞિકે ‘‘ઓફિસ મેનેજમેન્ટ’’ વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદનો ૪૩મો વાર્ષિક રમતોત્સવ તા. ૨૨-૨-૨૦૧૩ના રોજ આચાર્યશ્રી ડૉ. આર.ડી. મોદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. તેમાં બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., બી.બી.એ. (આઇ.ટી.એમ.), એમ.કોમ., પી.જી.ડી.સી.એ. તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તેમાં ભાઇઓના વિભાગમાં પ્રથમ નંબરે કાર્તિક વી. પટેલ, એસ.વાય.બી.બી.એ. (ITM) અને વિલીશ મેકવાન (PGDCA) આવ્યા હતા. અને દ્વિતીય નંબરે રોનક વ્હોરા (FYBCA) આવ્યા હતા. તેવીજ રીતે બહેનો વિભાગમાં પ્રથમ નંબરે એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની હેતલ ડી. મેણાત અને દ્વિતીય નંબરે હરસિદ્ધી પઢિયાર (M.Com.) આવ્યા હતા.

- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના રતિલાલ કા. રોહિતે તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ આયોજિત અને ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ તથા જેસીઆઇ મીલ્ક સીટી, આણંદ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધા દીકરી બચાવો, દીકરી વધાવો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદમાં તારીખઃ ૨૮-૨-૨૦૧૩ના દિવસે ‘‘વિજ્ઞાન દિવસ’’ની ઉજવણી કરવામાં આવી જેમાં અધ્યક્ષ સ્થાનેથી ડૉ. વી.આર. ખેરે આધુનિક વિજ્ઞાનની ઉપયોગિતાની વાત કરી. ડૉ. ડી.એમ. પટેલે સી.વી. રામનના સંશોધનની વાત કરી. તાલીમાર્થી અસ્મા દિવાને ડીએનએ વિશે પીપીટી દ્વારા રજૂઆત કરી. તાલીમાર્થી કોમલ પંડયાએ વીડીયો પ્રેઝન્ટેશન દ્વારા એન્જીયોપ્લાસ્ટી વિશે માહિતી આપી જયારે તાલીમાર્થી રીચા પટેલે પીપીટી દ્વારા બ્લડ રીપોર્ટ અંગે માહીતી આપી.

- સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગનો વાર્ષિકોત્સવ તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૩ ના રોજ યોજાઇ ગયો. સમારંભના અતિથિવિશેષ પદે મનોવિજ્ઞાન વિભાગના વડા ડૉ. સમીર પટેલ હાજર રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ પદે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ હતા.

- સરદાર પટેલ યુનિવર્સિટીના સર્વે (શૈક્ષણિક અધિકારી અને વહીવટી) મંડળોના સભ્યો વચ્ચે સહૃદયતા અને સદભાવનાની વૃદ્ધિના હેતુથી સ્પુટા તેમજ અન્ય તમામ મંડળો દ્વારા ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજ તથા ઇનર વ્હીલ કલબના સંયુક્ત નેજા હેઠળ ઇન્ટર કેમ્પસ કોલેજ ચેસ તથા કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ સ્ટડીઝના વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. જેમાં ચેસ ટુર્નામેન્ટમાં એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થી કિસન રાજ પ્રથમ સ્થાન તથા કેરમ ટુર્નામેન્ટમાં M.Com (ફાઇનલ) ના અભિષેક પંચાલ તથા ચિરાગ પટેલ પ્રથમ સ્થાન મેળવી ચેમ્પીયન બન્યા હતા.

## ભાઈકાકા લાયબ્રેરીમાં શોધગંગા અન્વયે ઈલેક્ટ્રોનિક થિસીસ અને ડિર્ઝટેશન બાબતે સરદાર પટેલ યુનિવર્સિટી અને ઈન્ફલીબનેટ સેન્ટર, અમદાવાદ વચ્ચે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તથા ઈન્ફલીબનેટ સેન્ટર, અમદાવાદ વચ્ચે શોધગંગા અન્વયે ઈલેક્ટ્રોનિક થિસીસ તથા ડિર્ઝટેશન બાબતે એમ.ઓ.યુ. કરવાનો કાર્યક્રમ ભાઈકાકા લાયબ્રેરી ખાતે તા. ૨૭-૧૨-૨૦૧૨ના રોજ સંપન્ન થયો.

કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના ગીત સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ભાઈકાકા લાયબ્રેરીના કાર્યકારી યુનિવર્સિટી ગ્રંથપાલ ડૉ. શિશિર માંડલીયાએ મહેમાનોને આવકાર્યા હતા. શ્રી મનોજકુમારે પ્રકલ્પનો પરિચય આપ્યો હતો. ડૉ. જગદીશ અરોરા, ડાયરેક્ટર, ઈન્ફલીબનેટ, અમદાવાદ તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ દ્વારા 'શોધગંગા'ના એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ 'શોધગંગા' ઈલેક્ટ્રોનિક થિસીસ અને ડિર્ઝટેશનની આવશ્યકતા અને જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. ડૉ. જગદીશ અરોરાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને શોધગંગા અન્વયે એમ.ઓ.યુ. કરવા બાબતે યુનિવર્સિટીના સત્તા મંડળનો આભાર માન્યો હતો. કાર્યકારી કુલસચિવશ્રી તુષાર મજમુદાર દ્વારા ઈલેક્ટ્રોનિક થિસીસની સોફ્ટ કૉપી ઈન્ફલીબનેટના ડાયરેક્ટરશ્રી ડૉ. અરોરા સાહેબને રિપોઝીટરી તરીકે સોંપવામાં આવી હતી. બાકીની સોફ્ટકોપી હવે પછી મોકલી આપવામાં આવશે તેમ જણાવેલ. શ્રી મનોજકુમારે 'શોધગંગા' ઉપર સભામાં ઉપસ્થિત વિભાગીય વડાશ્રીઓ તથા માર્ગદર્શકશ્રીઓને ટ્યુટોરીયલ વ્યાખ્યાન આપ્યું તથા 'શોધગંગા' અંગેની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી આપવામાં આવી હતી.

## Governance

- વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી એ સરદાર પટેલ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગને વૈજ્ઞાનિક સંશોધનના વિકાસ માટે વિભાગમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૨૦,૦૦,૦૦૦ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન.
- યુનિવર્સિટીમાં વિવિધ વિભાગોમાં સેવારત શૈક્ષણિક કર્મચારીઓને યુજીસીની કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત એસોસિયેટ પ્રોફેસરમાંથી પ્રોફેસર (સ્ટેજ-૪ માંથી સ્ટેજ-૫) માટે બઢતી આપવામાં આવી છે.

ડૉ. એચ.વી. ડેડાનિયા-ગણિતશાસ્ત્ર
ડૉ. એ. એચ. હસ્માની - ગણિતશાસ્ત્ર
ડૉ. એમ. પી. પટેલ- રસાયણશાસ્ત્ર
ડૉ. આર. એચ. મકવાણા - સમાજશાસ્ત્ર
ડૉ. બલદેવ બી. આગજા - રાજ્યશાસ્ત્ર
ડૉ. એમ. એમ. શર્મા - હિન્દી
ડૉ. પી. કે. પ્રિયન - એમ.બી.એ.
ડૉ. વાય. સી. જોશી - એમ.બી.એ.
ડૉ. (શ્રીમતિ) દર્શના આર. દવે - એમ. બી. એ.

- સી. સી. પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના માનદ્ નિયામક તરીકે ડૉ. ઉજ્જ્વલ ત્રિવેદી, બી. આર. ડી. સ્કૂલ ઑફ બાયોસાયન્સીસની તા. ૮ માર્ચ ૨૦૧૩થી ૭ માર્ચ ૨૦૧૬ સુધી નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન !!!
- કેમ્પસ બ્યુટિફિકેશન અન્વયે સરદાર પટેલ યુનિવર્સિટી કેમ્પસમાં હ્યુમેનીટીઝ બિલ્ડીંગ, હેલ્થસેન્ટર પાસેના માર્ગનું નામ સરદાર પટેલ માર્ગ રાખવામાં આવ્યું છે.
- બી.આર. દોશી સ્કૂલ ઑફ બાયો સાયન્સીસના વડા તરીકે ડૉ. એ. વી. આર. એલ. એન. આચાર્યની નિમણૂંક તા. ૮ માર્ચ ૨૦૧૩થી નિવૃત્તિની વય મર્યાદા સુધી કરવામાં આવી છે.

## Research

The research paper submitted in the subject of "Plant Sciences" (Botany/Agriculture Botany/Plant Biotechnology) has been considered for **"Dr. C. K. Shah Award"**. Accordingly the following are selected as the Best Adjudged Research paper in the Plant Sciences for the year 2011-2012.

(i) **Dr. T.V. Raman Rao**, Professor, B.R.D. School of Biosciences, Sardar Patel University, Vallabh Vidyanagar - Topic : "Banana Fruit Ripening as Influenced by Edible Coatings" (Botany) - Award Rs. 750/-.

(ii) **Gol Neeta B.** (Co-Author), Senior Research Fellow, B.R.D. School of Biosciences, Sardar Patel University, Vallabh Vdyanagar - Award Rs. 750/-.

# 57th All India English Teachers' Conference

The 57th All India English Teachers' conference on "Emerging Areas in English Studies" was held at the Department of English, Sardar Patel University, Vallabh Vidyangar in collaboration with Association of English Studies in India during 21-23 December, 2012. The thematic thrust of the conference was laid upon exploring contemporary areas in English Studies like postcolonial studies, comparative literature, diasporic literature, new literatures in English, Dalit literature, popular literature, translation studies, Indian Poetics and English language teaching.

The Inaugural function of the conference was organized on 21st December, 2012 in M. P. Patel Auditorium. The session was chaired by Prof. Harish Padh, Conference Patron and Vice-Chancellor of Sardar Patel University. The welcome address and introduction was delivered by Prof. J. H. Khan, Head, Department of English, Sardar Patel University and Local Secretary of the 57th All India English Teachers' Conference. It was followed by the inaugural speech by Prof. Harish Padh who emphasized the interdisciplinary and multidisciplinary researches in India which might address and contribute to the actual needs of society. According to Prof. Padh, the idea of genius has undergone a critical change in the 20th to the 21st century from solitary individual research to collective collaborative research with social aims in mind. Prof. Pashupati Jha, the President of the conference, offered the presidential speech on "Why, How and What to Teach: Solving the Dilemma of English Teachers Today".

The inaugural session was followed quickly by the presentation of awards and journal release session. The Life Time Achievement Award was bestowed upon Prof. K. Venkat Reddy for his constant dedication and contribution to AESI. Similarly, the Senior Most Delegate Award was offered to Dr. Ramesh K. Srivastava. Several books and journals published by academicians were released during the session. The latest issue of *The Indian Journal of English Studies* was also inaugurated. The inaugural function ended with a vote of thanks by Dr. R. K. Mandalia, coordinator of the present conference. The entire session was compèred by Dr. Pranava Dave, co-coordinator of the conference.

The conference included 5 slots for parallel sessions on Current Trends in New Literatures in English, English in India, Literary Representations of Social Change, Literary Representation of Community, Culture and Ideology, Contemporary Theories and the Changing Concepts, Indian Poetics, Translation Studies, Emerging Trends in Literature and Language, English Literary and Cultural Studies, and New Paradigms in English Language Teaching. There were 4 plenary sessions on Theoretical Approaches and Literature Today, English Studies in India, Theory and Interdisciplinarity in English Studies, and Changes and Paradigm Shifts in English Studies which included eminent speakers like Prof. E. V. Ramakrishnan, Prof. R. S. Sharma, Prof. A. A. Mutalik Desai, Prof. Prashant Sinha, Prof. A. K. Singh, Prof. O. P. Juneja, Prof. Arvind Bhandari and Prof. R. P. Jadeja respectively. The Valedictory Session of conference was held at M. P. Patel Auditorium. It was chaired by the conference President Prof. Pashupati Jha. Prof. J. H. Khan first welcomed the chief guest Prof. P. J. Patel, Former Vice- Chancellor of Sardar Patel University and Former Professor of Sociology at The M. S. University of Baroda, Vadodara, and presented general overview of the conference. Prof. P. J. Patel delivered the valedictory address of the conference. It was followed by the presidential observations of Prof. Pashupati Jha. The valedictory function ended with a vote of thanks by Mr. Manish Solanki, Assistant Professor, Department of English.

અનુસંધાન પાન ૨૦ પરથી

તમે બાંધો, એ અમારા સહુની શુભાશિષ. સરદારશ્રીની યુનિવર્સિટીના વિદ્યાર્થીને એથી ઓછું કશું શોભે નહીં.

– મિત્રો, સવાલ એ છે કે માત્ર તમારી યુનિવર્સિટી નહીં, દરેક વિદ્યાપીઠ કેવી હોય, કેવી હોવી જોઈએ ? ખરેખર તો દરેક સાચું વિદ્યાલય સ્વાયત્ત જ્ઞાનના નિર્માણ, જતન, વર્ધન અને વ્યાપન કરવા માટે જાગૃત સમાજે જાતે બનાવેલું એવું એક યુનીક લોકેશન, અજોડ સ્થાનક છે. એ સરનામું, એ કેમ્પસ, ભૂગોળના કોઈ ખૂણે નથી હોતું, એ તો કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ, 'માનવોની મનો-મૃત્તિકા'માં હોય છે. તમારી એવી મનોમૃત્તિકાને, તમારા મનની, બુદ્ધિ અને ભાવનાઓની, એ માટીને તમારી યુનિવર્સિટીએ કેળવી આપી છે. હવે તમે આવતાં વર્ષોમાં શું કરશો ? તમારી અનુકંપાનો ઝરો, જે તમારા પોતાના અંતસ્તલમાંથી વહે છે, એને બારે માસ લીલો રાખો, ને સાચી ને મોટી સફળતાના બબ્બે-ત્રણત્રણ પાક દર વરસે લેતા રહો, એ અમારી સહુની શુભેચ્છા. તમારા અધ્યાપક સાહેબો, તમારા કુલસચિવ અને કુલપતિજી, તમારી યુનિવર્સિટી હવે નિરંતર તમારી એ આંતરભૂમિમાં આજીવન તમારી સાથે ને સાથે રહેશે. આજથી અડધી સદી પછી જ્યારે તમે તમારી કારકીર્દિ ટોચે હશો ને કોઈ પૂછશે કે આપકી સફલતા કા રહસ્ય બતાઓગે ? તો ટૂંકમાં જવાબ આપી શકશો; મારી એસ.પી. યુનિવર્સિટી !

૨.

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના પંચાવનમા દીક્ષાન્ત સમારોહમાં મને સામેલ કરવા બદલ કુલપતિ ડૉ. હરીશભાઈ પાઢનો અને એમના સાથીઓનો હું આભારી છું. આ મહત્ત્વના અવસરે મને, મુખ્યત્વે ગુજરાતી સાહિત્યવાચન-લેખનના કામમાં પોતાનું જીવન વીતાવનાર એક વ્યક્તિને બોલાવીને, આપના વિશ્વવિદ્યાલયે પોતાના અગ્રતાક્રમોના આદર્શનો એક સંકેત આપ્યો છે.

જો કે આ નિમંત્રણ મને ત્રણ કારણોસર જરા વિચાર કરતાં કરી ગયું: પહેલું તો એ કે કુલપતિજી પોતે વિજ્ઞાનના, ફાર્મસીના, એક સમર્થ અને જાગતિક ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે અને કુશળ પ્રશાસક છે. હવે, પ્રશાસનનો દષ્ટિકોણ, આર્થિક કે રાજકીય ઉપયોગિતાના આધારે નિમંત્રણનું નક્કી કરાવે. જેમાં હું ન આવું. અને વિજ્ઞાન દષ્ટિ કોઈક મહાન વૈજ્ઞાનિક ઉપર જઈને ઠરે. એમાં યે હું ના આવું. પણ કુલપતિજીએ ગુજરાતીના એક પૂર્વ અધ્યાપકને આજે આમંત્રણ આપ્યું છે ! એ પહેલી નવાઈ. બીજી એ કે કુલાધિપતિજી રાજ્યપાલ તો છે જ, ઉપરાંત સમાજને સહકારી પ્રવૃત્તિઓ વડે બેઠો કરવાત ચાહતી કર્મઠતા સાથે એમનો કિશોરાવસ્થાનો લગાવ છે. એડુવર્ડો બર્નસ્ટાઈન અને રોઝા લક્સમ્બર્ગના લખાણોથી, અને અલબત્ત ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની શકવર્તીકર્મઠતાથી પરિચિત હોવાને કારણે મને સહકારી પ્રવૃત્તિઓની ફિલસૂફીની કેટલીક જાણ છે. રાજ્યકેન્દ્રી સમાજના વિકલ્પે, રચી શકાય એવા સ્વનિર્ભર સમાજની રચનામાં જે વહેવારુ આયોજન-શક્તિ જોઈએ, એનો યે મને અંદાજ છે. એટલે થયું કે આવા કુલાધિપતિની સંસ્થામાં મારા જેવા એક કેવળ કવિજીવને નિમંત્રણ કેમ આપ્યું હશે? બન્ને પ્રશ્નોના ઉત્તરો, અલબત્ત, આનંદજનક હતા, અંગત તેમ જ બિનંગત રીતે.

છડેચોક ચાલતો વિદ્યાસંસ્થાઓનો ખાનગી વેપાર રોકવા માટે રાજ્યની યુનિવર્સિટીઓમાં જરૂરી અને વ્યાજબી ફી વધારો કેમ ન કરી શકાય ? એ અંગે માત્ર રાજકીય કારણોસર જો હોબાળા મચાવવામાં આવતા હોય, તો એ અંતે વિદ્યાવિઘાતક છે, એમ ખોંખારીને કહેવાનું વાલીઓને શીખવાડવું પડે ? શાળાઓમાં અને સેલ્ફ-ફાયનાન્સ ખાનગી યુનિવર્સિટીઓમાં જે ધોરણ છે, તેને એક તરફથી નિયંત્રિત કરી, બીજી તરફથી રાજ્યહસ્તકની યુનિવર્સિટીઓમાં વ્યાજબી ફી વધારો થાય તો આપણું વિદ્યા-સ્વાસ્થ્ય સુધરે નહીં ?

બીજો મુદ્દો વિશ્વવિદ્યાલયોમાં હ્યુમેનિટીઝ અને સોશયલ સાયંસીઝના, સમગ્ર વિનયન શાખાના સ્થાન અંગે છે. આજે સાહિત્યના, ફિલસૂફીના અને ભાષાઓના વિભાગોને રાજ્ય અને સમાજ, બન્ને તરફથી જાણે દેશવટો દેવાઇ રહ્યો છે. 'જોબ-ઓરીએન્ટેડ કરીક્યુલા', 'એન્ડ-ઓરીએન્ટેડ એડ્યુકેશન' વગેરેને નામે, વિનયન શાખાને અળખામણી કે નકામી ગણવાનું વલણ, પ્રગટ કે પ્રચ્છન્ન, જોર પકડતું જાય છે. સવાલ 'ગુજરાતી બચાવો' કે 'સાહિત્ય બચાવો'નો નથી. બન્ને બળકટ છે, ને પોતાનું સંભાળી લેશે. સવાલ એ છે કે આપણે કેવા વિદ્યાર્થીઓના, કેવા ભવિષ્યના નિર્માણમાં સહાયરૂપ બનવું છે ? માત્ર કાર્ય-કુશળ નિષ્ણાતો પેદા કરવા છે, કે વિચારવંત, અનુકંપાશીલ, કંઇક તો 'પીડ પરાઇ (જે) જાણે રે', એવા કાર્યકુશળ નિષ્ણાતોના આપ ઘડતરમાં જોડાવું છે ? 'નિષ્ણાત' શબ્દનો અર્થ નાહી કરીને સ્વચ્છ થયેલો, એવો છે; નહીં કે જેણે માણસાઇની વિદ્યાના નામનું, નરસિંહના વૈષ્ણવજનના નામનું નાહી નાખ્યું છે, એવો નિષ્ણાત. સાચા નિષ્ણાતો વિના સમાજને ચાલવાનું નથી. સાચા નિષ્ણાતોનું ઘડતર કરવું હશે તો, કાર્યકુશળતાને અનુકંપા સાથે જોડવી હશે તો, એના અભ્યાસક્રમમાં સાહિત્ય અને માતૃભાષા, ફિલસૂફી અને ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રને સામેલ કર્યા વિના ચાલવાનું નથી. સૌંદર્ય સમો કોઇ શિક્ષક નથી, એ વાત સાચી ન લાગતી હોય, તો આ સામે બેઠેલા યુવા-વર્ગને પૂછો.

પણ આ વિજ્ઞાન અને વાણિજ્યની લટકાળી વિદ્યાઓએ કલા અને સાહિત્યના જ્ઞાન-પુરુષ સાથે છૂટાછેડા ક્યારથી લઇ લીધા ? આપણી યુનિવર્સિટીઓનો ઇતિહાસ ટૂંકમાં જોઇએ. યુરોપના ઇતિહાસમાં 'એજ ઓફ રીઝન', તર્કનિષ્ઠ વિચારનો યુગ મહત્વનો છે. એ છેલ્લા ચારસોએક વરસોમાં એના પુનર્જાગરણ કે રનેઇસાન્સના ભાગ રૂપે આવ્યો, ત્યારે યુરોપીય યુનિવર્સિટીઓમાં અલગ અલગ વિદ્યાશાખાઓ રચાતી આવી અને ફીઝીક્સ, કેમીસ્ટ્રી, બાયોલોજીને આસ્તે આસ્તે સાહિત્ય, ફિલસૂફી, કલા અને બીજી માનવ વિદ્યાઓથી છૂટી પડતી ગઇ. અંતે તો જ્ઞાનનો લાગણી સાથે, આવડત કે ફાવટનો એના સામાજિક પરિણામો સાથે, નહાવા નીચોવવાનો, સુખ-દુઃખનો, આપલેનો સંબંધ ન રહ્યો. આસ્તે-આસ્તે વિજ્ઞાન, વાણિજ્ય અને ટેકનોલોજીનાં જ્ઞાન લાગણીશૂન્ય બનતાં ચાલ્યાં. વિવિધ વિજ્ઞાનોના અને વહીવટોના નિષ્ણાતો વિના ચાલવાનું નથી. એ માટે નવી નવી એલીટ સંસ્થાઓ સ્થપાતી જાય છે, એ સારું છે. પણ એ નવા ઘડાતા નિષ્ણાતોને માનવ-સહજ લાગણીઓથી, કલા અને સાહિત્યના ભાવ-જલથી થોડા ભીંજાયેલા, થોડા ચોખ્ખા થયેલા બનવામાં શો વાંધો હોય ? કલા અને સાહિત્યના આસ્વાદના બે એક અભ્યાસક્રમો વિજ્ઞાન, વાણિજ્ય અને ટેકનોલોજીના ભણતરમાં યે સામેલ ન કરી શકાય ? એ માટે ઝાઝું કરવાનું યે નથી : ગુજરાતી ભાષામાં બે-પાંચ સંચય-પુસ્તકો, એન્થોલોજીઓ, આસ્વાદ-ગ્રંથો રૂપે, તૈયાર કરવાં પડે. એકમાં સુંદર અનુવાદો રૂપે, નાના આસ્વાદ-લેખો સાથે, કાલિદાસ અને ભાસ, પંચતંત્ર અને બૌદ્ધ ગાથા, તમિળ થીરુ કુરળ અને કન્નડ વચન, કબીર અને લાલ દ્યેદ, ગાલીબ અને રવીન્દ્ર, મન્ટો અને પ્રેમચંદ, એમ થોડાકને ગૂંથી શકાય; બીજામાં સિદ્ધહૈમ વ્યાકરણના રસીલા દુહા, નરસિંહનાં અદ્દ્ભૂત પદો, અખાના વિદ્રોહી છપ્પા, પ્રેમાનંદનું મામેરું, નર્મદનું વીર ગદ્ય અને દલપતરામની ઠાવકી-હસતી કવિતા, થોડીક ગોવર્ધનરામ-નાનાલાલ-કાંત-મુન્શી-ગાંધીની ઝલક, થોડુંક એ પછીનું આચમન. ત્રીજા પુસ્તકમાં ચિત્ર-નૃત્ય-સંગીત-શિલ્પ-સ્થાપત્ય-નાટક-સિનેમા માણવાની આવડત કેળવાય, એવી સામગ્રી મૂકી શકાય. એ બે-ત્રણ પુસ્તકો વિજ્ઞાન-વાણિજ્ય-વહીવટ-ટેકનોલોજી-વગેરેની વિદ્યાશાખાઓમાં, દરેકના કેન્દ્રસ્થવિદ્યાભ્યાસની સમકક્ષ (ન કે વધારાના વાચન રૂપે) રજૂ ના કરી શકાય ? જો એમ કરવાની દૃષ્ટિ અને હિમ્મત હોય તો આવતી કાલનો ગુજરાતી સમાજ પોતાના વિદ્યાભીના નિષ્ણાતોને માત્ર નાણાંથી નહીં, નરદમ નેહથી નવાજશે.

એક મુદ્દો વધારે કરું ? એ છે આપણાં કેમ્પસો પર ફિઝિકલી ચેલેન્જડ્, કાય-ક્ષતિ-સંઘર્ષીવિદ્યાર્થીઓ માટેની સગવડો, પૂરતો વિચાર કરીને, ઊભી કરવાનો મુદ્દો. વધારે નથી કહેતો, મારે એ વાત હૃદયસરસી છે, પણ એટલું કહું કે સમાજને વધારે માણસાઇભર્યો બનાવવાની એ યે એક રીત છે.

૪.

મારી આ જરા અટપટી લાગતી વાત, એક વાર્તા કહી ને પૂરી કરું ? બે વૈદરાજોની એ વાર્તા છે. વૈદ્ય શબ્દ વિદ્યા પરથી આવ્યો છે. જે વિદ્યાવંત છે, તે વૈદ્ય. જૂના જમાનાની વાત છે. બે વિદ્યાર્થીઓ સાથેસાથે વૈદકનું ભણતા'તા. બન્ને પારંગત વૈદ્ય બન્યા, ને જુદા જુદા ગામોમાં વૈદું કરતાં વિખ્યાત બન્યા. એમાંના એકને થયું, લાવ, મારા ભાઇબંધ-હરીફની પરીક્ષા કરું. એમણે પોતાના ગામના એક તંદુરસ્ત પણ ગરીબ માણસને પકડ્યો, ને કહ્યું કે જો, આ ચીઠ્ઠી લે. પેલા ત્રણ-ચાર દાડાના અંતરે આવેલા ગામ સુધી ચાલતો જઇ ત્યાંના વૈદરાજને એ ચીઠ્ઠી આપી આવે, તો હું તને અમુક રોકડા રાણીછાપ રૂપૈયા આપું. પેલો તૈયાર. વૈદ કહે, એક વધારે વાતઃ રસ્તે રાતવાસો તું કોઇ મકાનમાં નહીં પણ ખુલ્લામાં ઝાડ નીચે કરે, તો તને રાત દીઠ એક એક કોરી વધારાની આપું. પેલો કહે, હા. પણ ગમે તે ઝાડ નહીં, વૈદ બોલ્યા, આમલીના ઝાડ હેઠે જ સૂવાનું. ને એ રીતે રાતવાસાના ત્રણ-ચાર દાડાના પંદર-સત્તર દાડા કરે, તો યે વાંધો નહીં, રાત દીઠ એક-એક કોરી. પેલો પઠ્ઠો તો નીકળ્યો, વીસમે દાડે, વીસ આંબલીઓ નીચે રાતવાસો કરી, સાવ કંતાયેલે ડીલે, માંદલા જેવો થઇને પહોંચ્યો બીજા વૈદરાજ પાસે. ચીઠ્ઠી આપી. બીજા વૈદ પૂછે, શું થાય છે, ક્યારથી થાય છે, વગેરે. પેલો કહે નીકળ્યો ત્યારે કૈં નોતું, મારગમાં માંદો પડ્યો--- મારગમાં શું થયું ? કેમ આટલા દા'ડા લાગ્યા ?-- બીજું કાંઇ નંઇ, રાતવાસો આંબલી હેઠે, રાત દીઠ કોરી મળે; એમાં વાર થઇ. સારું, વૈદ કહે, લો આ મારી ચીઠ્ઠી, આપજો તમારા વૈદરાજને; ને હા, હું યે રાતવાસા દીઠ કોરી આપીશ, પણ આ ફેરી તમારે સૂવાનું લીમડા નીચે; આમલી નીચે નહીં. પેલો ઊપડ્યો,

વીસ દાડે મૂળ ગામ ભેગો; પણ લીમડા નીચે ગાળેલી એ વીસ રાતોમાં એ તો પહેલાં જેવો જ તગડો ને નીરોગી થઈ ગયો હતો. મૂળ વૈદે ભાઈબંધની ચીઠ્ઠી વાંચી, આંબલીના ઝેર સામે લીમડાનું મારણ મૂકાયાનું જાણ્યું, મલક્યા ને પેલા માણસને મૂળ મેનતાણું ને ઉપરથી જતાંની વીસ ને આવતાંની વીસ, એમ ચાલીસ કોરી ચૂકવી દીધી.

મિત્રો, આપણે ગુજરાતની, ભારતની, દક્ષિણ એશિયાની યુનિવર્સિટીઓના કેમ્પસોની એક ટૂર ગોઠવીએ. ને જોઈએ કે એમાં આંબલીના ઝાડ કેટલાં છે, ને કેટલાં લીમડા!

ઈ. 1857માં એક તરફ સ્વાતંત્રનો સંગ્રામ છેડાયો હતો, ને બીજી તરફ મુંબઈ-મદ્રાસ-કલકત્તાની યુનિવર્સિટીઓ સ્થપાતી હતી. આપણે દોઢસોએક વરસથી આપણે મોટે ભાગે તો અનુકંપાવિહિન વિદ્યાની, પરીક્ષણ વિનાનાં મૂલ્યોની આંબલીઓનાં ઝાડ નીચે સૂતાં સૂતાં ચાલ્યા છીએ. એથી આપણે મન અને શરીરથી કંતાઈ ગયાં છીએ. ચાલો હવે સરદાર અને ગાંધીએ ઊગાડેલા, ભાઈકાકા અને એચ એમ પટેલે ઉછેરેલા લીમડા તળે, અમારા સયાજીરાવના વડલા નીચે, રાજકોટના કુલપતિ નિવાસમાં અમારા ડો'કાકા કહેતાં ડોલરરાય માંકડે વાવેલી પીંપરડી હેઠે, થોડાક નિજવિદ્યાના ઉજાગરા કરી જોઈએ ! અને આવતી કાલના સ્વસ્થસમાજની, મર્યાદાશીલ રાજ્યની, મહાજન-દોર્યા બજારની, કવિતા-કલા-ભીના વહીવટકારો, ડોક્ટરો, ટેકનોક્રેટો, નિષ્ણાતોની એક નવી દુનિયાના નિર્માણમાં જોડાઈ જઈએ.

## સરદાર પટેલ યુનિવર્સિટીનો ૫૫મો પદવીદાન સમારંભ, ૨૪ જાન્યુઆરી ૨૦૧૩





# પદવીદાન વ્યાખ્યાન – ૨૪ જાન્યુઆરી ૨૦૧૩

શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા

## આંબલીથી લીમડા સુધી : આપણી વિદ્યા-યાત્રા અંગે થોડુંક

૧.

મહામહિમ કુલાધિપતિ ડૉ. શ્રીમતી કમલાજી બેનીવાલ, આદરણીય કુલપતિજી, પ્રો. ડૉ. હરીશ પાઢ, ડૉ. શિરીષ શ્રીવાસ્તવ, ડીન, ફેકલ્ટી ઑફ મેડીસીન, સેનેટ અને સિંડીકેટના માનનીય સભ્યો તેમ જ વિદ્યા-સંસ્થાઓ અને વિભાગોના માનનીય અધ્યક્ષો, કુલસચિવ શ્રી તુષાર મજમુદાર અને એમના સાથી કર્મચારીઓ, વિશ્વવિદ્યાલયના ધબકતા જીવન સમા અને મારા સ્નેહાદરના સર્વોચ્ચ અધિકારી એવાં મારાં અધ્યાપક બંધુભગિનીઓ અને સવિશેષે તો જેમને માટે કરીને તો આ આખી યુનિવર્સિટી-વ્યવસ્થા છે અને આજનો આ સમારંભ છે, એવાં આ સામે બેઠેલા તેજસ્વી અને ખંતીલા વિદ્યાર્થીમિત્રો,

સહુ પહેલાં તો અભિનંદન અને શુભેચ્છા. ઊજળી સફળતા સાથે ભણતર પૂરું કર્યા બદલ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને હવે શરુ થતી એક અલગ જિંદગીમાં સફળતા માટે શુભેચ્છા. કેવી હશે એ જિંદગી ? બિલ ગેઈટ્સ કહે છે તેમ, તમારી કિશોર વયે ટેલિવિઝનના પડદા પર તમને દેખાતી હતી, જિંદગી તેવી તો હવે તમારાં ભર જુવાનીનાં પુખ્તવરસોમાં નહીં જણાય. વાસ્તવ તમારાં હીરનાં પારખાં લેશે, તમારી શક્તિની પરીક્ષા કરશે. વિનોદવૃત્તિ વાળા કોક વાસ્તવદર્શીએ ક્યાંક કહ્યું છે કે શાળા-જીવન દરમ્યાન તમને પહેલાં પાઠ ભણાવવામાં આવે છે ને પછી તમારી પરીક્ષા લેવામાં આવે છે; પણ તે પછીનાં વરસોમાં પહેલાં કોક તમારી પરીક્ષા લઈ લેને પછી તમને આખી જિંદગી યાદ રહી જાય એવો પાઠ ભણાવે, એવું યે બને! પણ કવિ રાજેન્દ્ર શાહ કહે છે તેમ, 'આપણે ના કાંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોષઅપાર.' તમારી યુનિવર્સિટીએ તમારી આંતરિક શક્તિઓની, બૌધ્ધિક અને ભાવમય શક્તિઓની, તીજોરીઓ ભરપૂર ભરી આપી છે, જીવન રૂપી તમારા નવા અધ્યાપક પાસે નવા નવા પાઠ તમે હોંસથી ને આત્મવિશ્વાસથી ભણજો ને ભવિષ્યના પરીક્ષા-ખંડમાં તમારી પરીક્ષા લેવા આવનારાં પરિબળોની સામી પરીક્ષા તમે લેજો ! સરદાર પટેલના નામ સાથે અને ભાઈકાકાના કામ સાથે જોડાયેલી આ અડીખમ અને સ્વભાવે પ્રામાણિક એવી યુનિવર્સિટીમાં તમારું ઘડતર થયું છે, તમારો કોઠો મજબૂત બન્યો છે. જીવનના વાસ્તવમાં માત્ર ઉત્તરવહીઓ લખવાનું કામ જ તમારે ભાગે ન આવે; પણ સમાજ સામે, દેશ સામે, સત્તા સામે મૂકવાના પ્રશ્નપત્રો કાઢવાનું કામ પણ તમારા હાથમાં રહે, એવું સામર્થ્ય, તમારી માતૃ સંસ્થાએ વારસામાં આપેલી કોઠાસૂઝથી તમે કેળવતા રહેશો, એ મારી આજે તમને વિદાયવેળાની શુભેચ્છા છે. વાસ્તવ-દર્શનમાંથી અને આંતરસૂઝમાંથી આવતા, એક નવો આત્મ-વિશ્વાસ તમને મળો અને જિંદગી સાથે જિંદગીભર ટકે એવો પ્રેમસંબંધ

અનુસંધાન પાન ૧૨ પર



### Subscribe Today

| Annual | | Life |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00
Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

### Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar


Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.